અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 213, Dt.21-06-2024 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# આગામી બજેટમાં મધ્યમ વર્ગને રાહત આપવાની તૈયારી

## નવી કર વ્યવસ્થા પસંદ કરનારાઓને વધુ કર મુકિત મળવાની સંભાવનાઃ કર સ્લેબ સીમાને ત્રણ લાખથી વધારીને પાંચ લાખ કરી શકાય છેઃ લોકો પાસે પૈસા વધશે તો ખરીદી વધશે અને અર્થતંત્રમાં ગતિ આવશે



નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્ર સરકાર જુલાઈ મહિનામાં નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પૂર્ણ બજેટ રજુ કરવાની તૈયારી કરી રહી છે. માનવામાં આવે છે કે તેમાં કરદાતાઓને મોટી રાહત આપવામાં આવી શકે છે. આ વખતે બજેટમાં આવક વેરાની મુકિતની સીમા વધારવામાં આવી શકે છે. આ ફેરફાર નવી કર વ્યવસ્થા અંતર્ગત થઈ શકે છે.

વિશેષજ્ઞોનું કહેવુ છે કે, સરકાર ઈચ્છે છે કે વધુ લોકો નવી કર વ્યવસ્થા પસંદ કરે તેને વધુ આકર્ષક બનાવવા માટે પગલા લેવામાં આવી શકે છે. હાલમાં નવી કર વ્યવસ્થા ત્રણ લાખથી વધુની આવક પર પાંચ ટકા કર લાગે છે.


માનવામાં આવે છે કે આ સ્લેબમાં કર મુકિતની સીમાને ત્રણ લાખથી વધારીને પાંચ લાખ રૂપિયા સુધી કરવામાં આવી શકે છે.જયારે વાર્ષિક ૧૫ લાખથી વધુની કમાણી પર ૩૦ ટકા કરની જોગવાઈ છે. આ આવક સીમાને વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે.

લોકો પાસે વધુ પૈસા બચશે સરકારના આ પગલાથી તેમની કર જવાબદારી ૧૦,૪૦૦ રૂપિયા સુધીની થઈ જશે.વાર્ષિક કમાણી ૭.૬ લાખ રૂપિયાથી ૫૦ લાખ રૂપિયાની સીમામાં આવે છે. જયારે ૫.૦ લાખથી એક કરોડ રૂપિયાનાં ટેકસ સ્લેબમાં આવતા લોકોએ ૧૧૪૦૦ રૂપિયા ઓછો ટેકસ ચુકવવો પડશે.

> નિમ્ન આવક ધરાવતા વર્ગ માટે કરકપાતથી વ્યકિતઓની આવકમાં વધારો થશે જેમ જેમ આવક વધશે તેમ લોકો વધુ ખર્ચ કરશે.

વિશેષજ્ઞોનું માનવુ છે કે ભારતીય અર્થ વ્યવસ્થા ઘટતા વપરાશની સમસ્યાનો સામનો કરી રહી છે એનો સામનો કરવા માટે નીતિનાં ઘડવૈયાઓ આવકવેરા માળખાને તર્કસંગત બનાવવાનાં પક્ષમાં છે. ખાસ કરીને નિમ્ન આવક ધરાવતા વર્ગ માટે કરકપાતથી વ્યકિતઓની આવકમાં વધારો થશે જેમ જેમ આવક વધશે તેમ લોકો વધુ ખર્ચ કરશે.

હાલમાં થયેલા સર્વે અનુસાર લોકોએ મોંઘવારી બેરોજગારી અને ઓછી થતી આવકને લઈને ચિંતા વ્યકત કરી હતી જયારે ભારતીય અર્થ વ્યવસ્થા ૨૦૨૩-૨૪ માં ૮.૨ ટકાના દરથી વધી છે.જયારે બીજી બાજુ વપરાશમાં એથી પણ અડધી ગતિએ વધારો થયો છે.



# વડાપ્રધાન મોદીએ કાશ્મીરમાં યોગ કર્યા

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ગૃહમંત્રી અમીત શાહ સહિત દેશભરમાં મહાનુભાવો જોડાયાઃ સૈન્ય જવાનો દ્વારા ૧૫૦૦૦ ફુટની ઉંચાઈએ યોગ

નવી દિલ્હી,તા.૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે આજે આખુ વિશ્વ યોગમય બન્યુ હતું. ભારતથી માંડીને અમેરિકા સુધી દુનિયાભરમાં ઉત્સાહભેર યોગના કાર્યક્રમો યોજયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીરમાં યોગ કર્યા હતા તો તમામ કેન્દ્રીયપ્રધાનો-રાજયપાલો તથા રાજયોના મુખ્યમંત્રીઓ સહીતના મહાનુભાવો યોગના કાર્યક્રમોમાં જોડાયા હતા. ઉદ્યોગમાંધાતા-બોલીવુડ સેલીબ્રીટી તથા સૈન્ય જવાનોએ જુદા-જુદા સ્થળોએ યોગ કર્યા હતા.

ભારત સહિત દુનિયાભરના દેશો આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છે. યોગ માત્ર શારીરિક જ નહીં માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે અને આ જ કારણોસર યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીરના શ્રીનગરમાં યોગ કર્યા હતા. મૂળ કાર્યક્રમ દાલ લેકના કિનારે ૭૦૦૦ લોકોની સાથે યોગ કરવાનો હતો પરંતુ વરસાદને કારણે કાર્યક્રમ સ્થળ બદલવામાં આવ્યુ હતું અને કોન્ફરન્સ હોલમાં ૫૦ લોકોની હાજરીમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત તમામ મહાનુભાવો જુદા-જુદા સ્થાનોએ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થયા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ યોગ કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અમદાવાદમાં યોગ દિનની ઉજવણીમાં સામેલ થયા હતા. હરિદ્વારમાં યોગગુરૂ બાબા રામદેવના સંકુલમાં યોગાભ્યાસ થયો હતો.

ભારતીય સૈન્યના જવાનોએ પણ યોગાભ્યાસ કર્યો હતો. સિકકીમના મુગુથોગ સબ સેકટરમાં આઈટીબીપીના જવાનોએ ૧૫૦૦૦ ફુટની ઉંચાઈએ યોગ કર્યા. આ ઉપરાંત લેહમાં પેંગોંગ લેક ખાતે પણ યોગનો કાર્યક્રમ થયો હતો.

ભારતથી માંડીને વિશ્વભરના દેશોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકામાં ન્યુયોર્ક સ્થિત ટાઈમ્સ સ્કવેર ખાતે મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

જાપાનમાં ભારતીય દૂતાવાસ દ્વારા યોગદિનની ઉજવણી આપવામાં આવી હતી તેમાં જાપાનના નેતાઓ સહિતના લોકોએ ભાગ લીધો હતો. ટોકિયોમાં તો વરસતા વરસાદમાં મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. ભારત વિશ્વમાં પાણીથી પર્વત સુધીના સ્થાનોએ યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

# ચોમાસાએ ગતિ પકડી : અનેક રાજયોમાં વરસાદ

## બિહાર, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, ઓડીસા, પંજાબ, હરિયાણામાં ત્રણ દિવસમાં ભારે વરસાદની આગાહી : સિકકીમમાં નુકસાન

નવી દિલ્હી, તા. ૨૧

હવામાન વિભાગે આગાહી કરી છે કે ચોમાસુ આગામી ૩ થી ૪ દિવસોમાં બિહાર અને પૂર્વ-ઉત્તરપ્રદેશના અનેક ભાગો, ઝારખંડ, ઓરીસ્સા અને બંગાળના મહત્તમ વિસ્તારો સુધી પહોંચી જશે. આસામ અને બિહારમાં અલગ અલગ ચક્રાવાતની સ્થિતિ બની રહી છે જેથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ પડશે.

ચોમાસાના આગમન પહેલા ઉત્તર ભારત સહિત અનેક રાજયોમાં ગઈકાલે ભીષણ ગરમીમાંથી લોકોને રાહત મળી છે. માત્ર દક્ષિણી ઉત્તરપ્રદેશ અને ઓરીસાના અમુક ભાગોમાં ગુરૂવારે લુની સ્થિતિ હતી. બાકીની જગ્યાએ સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. દિલ્હી, એનસીઆર, પંજાબ, હરિયાણામાં ઘણા દિવસો બાદ ન્યુનતમ તાપમાન સામાન્યથી નીચે ઉતર્યુ છે.




મહતમ તાપમાન સામાન્ય નજીક રહ્યું હતું. દેશમાં સૌથી ઉંચુ તાપમાન ગઈકાલે હરિયાણાના સીરસામાં ૪૩.૮ ડિગ્રી નોંધાયુ હતું. ચોમાસુ ૩-૪ દિવસમાં આગળ વધવા સાથે આસામ અને બિહારમાં સિસ્ટમ બની રહી છે. બિહારમાં તા.૨૪ ભારે વરસાદની આગાહી છે. ઝારખંડમાં તા.૨૩-૨૪ના રોજ ભારે વરસાદ પડશે.

હિમાચલ પ્રદેશમાં વરસાદનું યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. સીમલામાં પૂરો દિવસ વાદળા હતા. અહીં મહતમ તાપમાન ૫ ટકા નીચે ઉતરી ગયું હતું. રાજસ્થાનના ઘણા જિલ્લામાં મોડી સાંજે વરસાદથી તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો.

સિકકીમમાં સતત ભારે વરસાદના કારણે મોટા પ્રમાણમાં ભૂસ્ખલન ચાલુ રહ્યું છે. તેની સૌથી વધુ અસર પશ્ચિમ સિકકીમના ડેંટમમાં થતા મિલ્કતો અને પશુધનના નુકસાન થયા છે. જોકે કોઈના મૃત્યુ નથી. ડેંટમમાં અનેક ઘર તણાઈ ગયા છે. હરિયાણામાં ગરમીમાં થોડી રાહત થઈ છે. ભારે પવન બાદ ઝાપટા પડયા હતા.

# કેજરીવાલની 'આઝાદી' પર હાઈકોર્ટની બ્રેકઃદિલ્હી HCએ જામીન પર સ્ટે મુકયો

નવી દિલ્હી, તા. ૨૧

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લિકર પોલિસી કેસમાં ૨૦ જૂને અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. પરંતુ હાલ સીએમ અરવિંદ કેજરીવાલ જેલમાંથી બહાર આવી શકશે નહીં. EDની દરમિયાનગીરી બાદ દિલ્હી હાઈકોર્ટે કેસની સુનાવણી ન થાય ત્યાં સુધી તેમના જામીન પર રોક લગાવી દીધી છે.જસ્ટિસ સુધીર કુમાર જૈનની વેકેશન બેન્ચે આ કેસની સુનાવણી કરતા કહ્યું કે જ્યાં સુધી જામીનને પડકારતી EDની અરજી પર સુનાવણી ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટના આદેશને અસરકારક ગણવામાં આવશે નહીં.અગાઉ, ઈડીએ ટ્રાયલ કોર્ટ પાસે જામીન પર ૪૮ કલાકનો સ્ટે લગાવવાની માગ કરી હતી, પરંતુ કોર્ટે ઈનકાર કરી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે આવતીકાલે ડ્યુટી જજ સમક્ષ આ દલીલો થઈ શકે છે.

દિલ્હીના સીએમને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ ભરવાનો આદેશ મળ્યો છે. કોર્ટે કહ્યું છે કે વિગતવાર નિર્ણય શુક્રવારે અપલોડ કરવામાં આવશે. ત્યારે ખબર પડશે કે દિલ્હીના સીએમને કયા આધારે જામીન આપવામાં આવ્યા હતા.રાઉઝ એવન્યુ કોર્ટમાં ૨૦ જૂને સતત બીજા દિવસે સવારે જામીન અરજી પર સુનાવણી થઈ હતી. ન્યાયાધીશ ન્યાયબિંદુની વેકેશન બેન્ચે ઈડી અને કેજરીવાલની દલીલો સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

## સૂર્યપ્રકોપઃ હિટ સ્ટ્રોકના દેશમાં ૪૦,૦૦૦ થી વધુ કેસ

# ગરમીથી મોતનો આંકડો ૧૦૦ ને પાર

## ગરમીથી ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૩૬ લોકોના મોત, એકલા દિલ્હીમાં જ ૨૦ થી વધુના મૃત્યુ

નવી દિલ્હી, તા.૨૧

જુન મહિનામાં વર્ષાઋતુના સ્થાને દેશના વિવિધ ભાગોમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહયો છે. વધતા જતા તાપમાનના પગલે જનજીવન પ્રભાવિત થયું છે. હિટસ્ટ્રોક, ઉલટી અને ચક્કરના કેસોમાં વધારો થયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભારતમાં હીટ સ્ટ્રોકના ૪૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. ગરમીના પ્રકોપના લીધે દિલ્હી એનસીઆરમાં ૨૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. સમગ્ર દેશમાં ગરમીના લીધે મરણનો આંકડો ૧૦૦ને પાર કરી ગયો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે માર્ચ થી ૧૮ જુન સુધી મરણના આંકડાની પુષ્ટિ કરી છે. જો કે સત્તાવાર નોંધણી ના થઈ હોય તેવા મૃત્યુની સંખ્યા વધારે હોવાનું માનવામાં આવે છે. એનડીસી અને તેના સહયોગી સંસ્થાનોએ તૈયાર કરેલા એક




રિપોર્ટ અનુસાર આ વર્ષે ઉત્તરપ્રદેશમાં લોકો સૌથી વધુ ગરમીનો ભોગ બન્યા છે, ગરમીના પગલે ૩૬ થી વધુ લોકોના મોત થયા છે. યુપી ઉપરાંત બિહાર, રાજસ્થાન અને ઓડિશામાં પણ ભયંકર ગરમીનો અનુભવ થઈ રહયો છે.

દિલ્હીની અનેક હોસ્પિટલોમાં હીટસ્ટ્રોકના લીધે દાખલ દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ગરમીની ભયાનક સ્થિતિ જોતા ખાસ દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે. દેશના મોટા ભાગના સ્થળોએ દિવસનું તાપમાન ઉંચું રહે છે એટલું જ નહી રાતે પણ તાપમાનનો પારો ખાસ નીચે જતો નથી. આવી સ્થિતિમાં ગંભીર અને જીવલેણ બીમારીનો ખતરો વધી ગયો છે.

# ૧લી જુલાઈથી 'ક્રેડીટ કાર્ડ' વ્યવહારો ખોરવાવાના ભણકારા

બેંગ્લોર,તા.૨૧

ક્રેડીટ કાર્ડ કંપનીઓ માટે રિઝર્વ બેન્કે સેન્ટ્રલાઈઝડ બિલીંગ નેટવર્કનો ઉપયોગ કરવાનું ફરજીયાત બનાવ્યુ હોવાથી આગામી ૧લી જુલાઈથી ક્રેડ, કોનવે, બીલડેસ્ક, ઈન્કોબીમ, એવન્યુ જેવા ફીનટેક સ્ટાર્ટઅપની કામગીરીમાં મોટો અવરોધ સર્જાવાના કે ખોરવાઈ જવાના ભણકારા છે. ભારતમાં સૌથી વધુ બે કરોડ કાર્ડ ઈસ્યુ કરનાર એચડીએફસી બેંક, ૧.૭ કરોડ કાર્ડ ધરાવતી આઈસીઆઈસીઆઈ બેંક, તથા ૧.૪ કરોડ કાર્ડ ધરાવતી એકસીસ બેંક હજુ ભારત બીલ પેમેન્ટ સીસ્ટમ પર સક્રિય થઈ નથી પરીણામે ભારત બીલ પેમેન્ટ નેટવર્કમાં સભ્યપદ ધરાવતી ફોન-પે અને ક્રેટ જેવી કંપનીઓના કાર્ડનું પ્રોસેસ નહીં થઈ શકે આ કંપનીઓના કાર્ડ વ્યવહારને મોટો ફટકો પડી શકે છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા એવો આદેશ જારી કરવામાં આવ્યો છે કે ૩૦ મી જુન પછી તમામ ક્રેડીટ કાર્ડ પેમેન્ટ ભારત બીલ પેમેન્ટ મારફત પ્રોસેસ થવા જોઈએ. વર્તમાન સ્થિતિ ચકાસવામાં આવે તો ક્રેડીટ કાર્ડ ઈસ્યુ કરતી ૩૪ માંથી ૮ બેંકો જ સેન્ટ્રલાઈઝડ નેટવર્ક સાથે જોડાયેલી છે તેમાં એસબીઆઈ કાર્ડ, કોટક મહીન્દ્રા બેંક, ફેડરલ બેંક, અને ઈન્ડુસઈન્ડ બેંકનો સમાવેશ થાય છે.સુત્રોના કહેવા પ્રમાણે પેમેન્ટ ઈન્ડસ્ટ્રી દ્વારા ૯૦ દિવસનો મુદત વધારો આપવાની માંગ કરવામાં આવી છે. કંપનીઓના સંગઠન પેમેન્ટ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ રજુઆત કરી છે.

# ત્રાસ આપતા પ્રમોશનલ કોલ-મેસેજ પર નિયંત્રણ માટે નવી ગાઈડલાઈન

## ગ્રાહકની સંમતિ વગર બિઝનેસ કોમ્યુનીકેશનની મનાઈઃ અભિપ્રાય માંગતી સરકાર

નવી દિલ્હી,તા.૨૧

પ્રમોશનલ કોલ અને ટેકસ્ટ મેસેજીસ જેવા અનિચ્છનીય અને બિનજરૂરી બિઝનેસ કમ્યુનિકેશન પર અંકુશ મુકવા માટે ગ્રાહક બાબતોના મંત્રાલયે ગુરૂવારે ડ્રાફટ ગાઈડલાઈન જારી કરી હતી.

સરકારે સૂચિત નિયમોના આ મુસદ્દા અંગે ૨૧ જુલાઈ સુધી જાહેર અભિપ્રાય પણ માંગ્યા છે. ડ્રાફટ માર્ગદર્શિકાનો હેતુ ગ્રાહકોને પરેશાન કરતાં અનધિકૃત માર્કેટીંગથી બચાવવાનો છે. ટેલિકોમ કંપનીઓ અને નિયમનકારો સહિત હિતધારકો સાથે પરામર્શ કર્યા પછી આ માર્ગદર્શિકા તૈયાર કરાઈ છે. આ માર્ગદર્શિકામાં પ્રોડકટસ અને સર્વિસીસ સંબંધીત પ્રમોશનલ અને સર્વિસ મેસેજને બિઝનેસ કમ્યુનીકેશન ગણવામાં આવ્યાં છે. જો કે તેમાં અંગત સંદેશાવ્યવહારને બાકાત રખાયો છે. આ માર્ગદર્શિકા એવા તમામ વ્યક્તિઓ અને કંપનીઓને લાગુ પડશે કે જેઓ બિઝનેસ કે સર્વિસ કમ્યુનીકેશન કરે છે અથવા તેનો લાભ લે છે. ડ્રાફટ માર્ગદર્શિકા એવા તમામ બિઝનેસ કમ્યુનીકેશનને અવાંછિત અને અનિચ્છનીય તરીકે વર્ગીકૃત કરે છે જેમાં તે પ્રાપ્તકર્તાની સંમતિ લેવાઈ નથી અથવા રજીસ્ટર્ડ પ્રેફરન્સનું પાલન કરતી નથી.આ માર્ગદર્શિકામાં કસ્ટમર પ્રેફરન્સીસ આધારિત કમર્શિયલ મેસેજ અંગેની ટેલિકોમ રેગ્યુલેટર ટેલિકોમ રેગ્યુલેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)ના નિયમોનું પાલન કરતાં નથી તેવા તમામ ફોન કોલ, મેસેજ કે કમ્યુનીકેશન પર પ્રતિબંધની જોગવાઈ છે. ટ્રાઈના રજીસ્ટર્ડ ટેલમાર્કેટર્સ માટેના નિયમો અસરકારક પુરવાર થયા છે, પરંતુ ખાનગી ૧૦ આંકડાના નંબરનો ઉપયોગ કરીને હજુ પણ અનરજીસ્ટર્ડ માર્કેટર્સ આવા કોલ કે મેસેજ કરી રહ્યાં છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં

# સંતો, યુવાનો અને હરિભક્તો દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી







**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૧

ભારતીય સંસ્કૃતિના ગૌરવસમા યોગની વિશ્વ ફલક પર નોંધ લેવાઈ રહી છે. ૨૦૧૫ થી ૨૧ જૂનનો દિવસ 'વિશ્વ યોગ દિન' તરીકે સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં ઉજવવામાં આવે છે એ દરેક ભારતીય માટે ગૌરવની વાત છે.

ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજ આજે ૯૧ વર્ષે પણ નિયમિત યોગ અને પ્રાણાયામ દ્વારા અધ્યાત્મિક યોગના પરમ યોગી તરીકે આધુનિક વિશ્વને શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. તેઓ પણ વર્ષોથી પ્રાણાયામ વગેરે યોગના સોપાનોને રોજીંદા જીવનમાં સ્વીકારીને સૌને યોગ દ્વારા સ્વાસ્થ્યની પ્રેરણા આપી રહ્યા છે. તેમણે સંતો દ્વારા યોગની પ્રેરણા આપતા પુસ્તકો પણ લખાવ્યા છે. હાલ તેઓ રાજકોટ ખાતે વિરાજમાન છે ત્યારે તેઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિ- માં 'સ્વયં અને સમાજ માટે યોગ' થીમ અંતર્ગત ૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં કાલાવડ રોડ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે સંતો, યુવાનો અને હરિભક્તો સહભાગી થયા હતા.

વહેલી સવારે ૬ વાગ્યે મંદિર પરિસરમાં ઉપસ્થિત શ્વેત વસ્ત્રોમાં સજ્જ ૨૫૦૦ યુવાનોએ પ.પૂ. મહંતસ્વામી મહારાજ સમક્ષ ધ્યાન મુદ્રા, અનુલોમ-વિલોમ, ઊર્જા સંચાર માટે ત્રિકોણ પર્વતઆસન સહિતના વિવિધ યોગાસનો રજૂ કર્યા હતા.

મંદિર પરિસર પર ઠાકોરજી સમક્ષ પ.પૂ.મહંતસ્વામી મહારાજ અને સંતોએ વિવિધ પ્રાણાયામો, વિવિધ મુદ્રાઓ અને વિવિધ આસનો કરીને યોગ દિવસની વિશિષ્ટ ઉજવણી કરી હતી.

પ્રમુખસ્વામી સભાગૃહમાં યોજાયેલ પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં હજારો હરિભક્તો શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા અને તમામ હરિભક્તોએ પ.પૂ.મહંતસ્વામી મહારાજ અને મંચ પર બિરાજમાન સંતોની સાથે સાથે મુદ્રા, પ્રાણાયામ અને યોગાસનો કરી યોગ દિવસની વિશિષ્ટ ઉજવણી કરી હતી. પ.પૂ.મહંતસ્વામી મહારાજે આજે યોગ દિવસ નિમિતે આશીર્વચન પણ પાઠવ્યા હતા. ન કેવળ એક દિવસ પરંતુ જીવનમાં યોગનું મહત્વ અને યોગથી થતા ફાયદાઓ જાણી નિયમિત યોગાભ્યાસના સંકલ્પો સાથે દરરોજ યોગાસનો કરવા માટે પ.પૂ.મહંતસ્વામી મહારાજે પ્રેરણા પાઠવી હતી.

## આંગણવાડી કેન્દ્રના બાળકો સાથે યોગ કરતા ભાનુબેન બાબરીયા



ગાંધીનગરઃ ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ૧૦ મો આંતરાષ્ટ્રીય યોગ દિવસની મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ પર ઉજવણી કરી હતી. આજે એક પૃથ્વી, એક સ્વાસ્થય યોગ સુત્ર સાથે ગુજરાત સહિત સમગ્ર વિશ્વ યોગમય બન્યું છે. યોગ અપનાવવાથી તંદુરસ્તી જળવાઈ રહે તેવા ઉમદા આશયને ધ્યાને લઇ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આહવાનથી ૨૧ મી જૂનને દર વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરે છે.

પહેલું સુખ તે જાતે નર્યા ના ઉદ્દેશ સાથે આંગણવાડીના બાળકોને યોગની સમજ કેળવે અને નાનપણ થી જ બાળકોમાં યોગાઅભ્યાસ વિકસે અને તેની સાથે બાળકોની તંદુરસ્તી જળવાય તેવા હેતુંથી આજે ગાંધીનગરના બોરીજ ખાતે આંગણવાડી કેન્દ્ર નં.૩ આવેલી આંગણવાડી ખાતે મંત્રી જઈને ભૂલકાઓ સાથે યોગ કર્યા હતા અને યોગ વિશે સમજ આપી હતી.

આ ઉજવણીમાં ગાંધીનગરના કોર્પોરેટર ભરતભાઈ દિક્ષીત તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સંયુકત સચિવ પી.એન. મકવાણા સાહેબ, અને નાયબ નિયામક ક્રિષ્નાબેન વૈષ્નાની, મદદનીશ નિયામક ડો.હસીનાબેન મન્સુરી તેમજ ગાંધીનગર મહાનગર પાલીકાના પ્રોગ્રામ ઓફિસર આરતીબેન ઠાકર તથા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાંચ સ્થળોએ યોગ કાર્યક્રમ યોજાયો



રાજકોટઃ યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સયુંકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે ૧૦માં વિશ્વ યોગ દિવસ નિમિતે સવારે ૬ કલાકે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં સેન્ટ્રલ ઝોન, શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ, વેસ્ટ ઝોન, નાનામવા ચોક ખાતેનું મેદાન, ઈસ્ટ ઝોન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડ ખાતેના સ્થળનો સમાવેશ થાય છે.

## ઉપલેટા ખાતે સાંસદ પરસોતમ રૂપાલાની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી



રાજકોટઃ રાજકોટમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી આજે ઉપલેટા ખાતે સાંસદ પરસોતમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. અહીંની મામલતદાર કચેરી પાસે તાલુકા શાળાના મેદાન ખાતે યોજાયેલા યોગ દિવસના કાર્યક્રમમાં આશરે બે હજારથી વધુ લોકો જોડાયા હતા અને યોગમય બન્યા હતા. રાજ્ય યોગબોર્ડના પ્રશિક્ષિત શિક્ષકોએ યોગ બોર્ડના પ્રોટોકોલ પ્રમાણે સર્વને યોગ તથા પ્રાણાયામ કરાવ્યા હતા.

આ તકે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ભારતની ગૌરવશાળી પરંપરા યોગવિદ્યાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયો, તેના કારણે ભારતની આ સાંસ્કૃતિક ધરોહર વિશ્વ માનવજાત માટે ઉપયોગમાં આવવાનું શરૂ થયું તે ગૌરવની વાત છે. આ પ્રાચીન વિદ્યાનો પ્રભાવ વિશ્વમાં મોટા પ્રમાણમાં પડી રહ્યો છે ત્યારે આપણે પણ તેની સાથે વધુ જોડાવાનો પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

જિલ્લા વહીવટીતંત્રએ જિલ્લા કક્ષાના યોગ કાર્યક્રમના તાલુકા સ્તરે કરેલા આયોજનને સાંસદએ બિરદાવ્યું હતું. આ સાથે નવી પેઢી વધુમાં વધુ યોગવિદ્યા સાથે જોડાઈને સ્વસ્થ બને તેવી અપીલ પણ તેમણે કરી હતી.

આ તકે રાજકોટ જિલ્લા પંચાયતના અધ્યક્ષ પ્રવિણાબહેન રંગાણીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, યોગ એ આપણા ઋષિમુનિઓએ સમગ્ર વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે. તેને વિશ્વસ્તરે પહોંચાડવા વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧મી જૂનને યોગ દિવસ તરીકે ઉજવવા યુ.એન.માં પ્રસસ્તાવ રજૂ કર્યો હતો, ત્યારથી દર વર્ષે ૨૧મી જૂન સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં યોગ પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે, આ સાથે ખેલ મહાકુંભમાં પણ યોગને આવરી લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૪ની યોગ દિવસની થીમ ''સ્વયં, સમાજ માટે યોગ'' નક્કી કરવામાં આવી છે અને ગામથી લઈને મહાનગરો સુધી યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે યોગને રોજિંદા જીવનમાં અપનાવવાની અપીલ પણ તેમણે કરી હતી.

ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયાએ સંબોધનમાં કહ્યું હતું કે, આધુનિક જીવનશૈલીના કારણે આજે લોકો શારીરિક, માનસિક, સામાજિક સહિતની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, બાળકો યુવાનોમાં મોબાઈલ જેવા ગેજેટના ઉપયોગથી તનાવ વધ્યો છે, ત્યારે શરીર અને મનના સ્વાસ્થ્ય માટે યોગ એકમાત્ર ઉપાય છે. યોગ એ શરીર, મન અને આત્માને જોડવાની અનોખી પ્રાચીન પદ્ધતિ છે. હજજારો વર્ષ પહેલાં ઋષિ પતંજલિએ યોગસૂત્રમાં યોગના જ્ઞાનને રજૂ કર્યું છે. શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે નિયમિત રીતે યોગ કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશી, જિલ્લા પોલીસવડા જયપાલસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધી, ઉપલેટા પ્રાંત અધિકારી જે. એન. લીખિયા, જિલ્લા રમત ગમત અધિકારી વી.પી. જાડેજા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ઉપલેટા મામલતદાર એમ.ટી. ધનવાણી, અગ્રણી અલ્પેશ ઢોલરિયા તથા રવિ માંકડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના પ્રાંગણમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી



રાજકોટઃ રાજકોટ શહેરમાં જયુબિલી બાગ ખાતે આવેલી પ્રાદેશિક માહિતી કચેરીના પ્રાંગણમાં ૨૧ જૂન - 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે વ્હેલી સવારે શાંત વાતાવરણમાં સાધકો યોગાભ્યાસ કરીને યોગમય બન્યા હતાં.

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી નિમિત્તે યોગ શિબિર યોજવામાં આવી હતી. આ યોગ શિબિરમાં જોડાયેલા લોકોને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચશ્રી મીતાબેન તેરૈયા અને તેમની ટીમના યોગ ટ્રેનર્સ દ્વારા સૌ પ્રથમ સૂક્ષ્મ વ્યાયામ તથા સૂર્ય નમસ્કારથી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યોગ શિબિરમાં ત્રિકોણાસન, વૃક્ષાસન, વક્રાસન, ઉષ્ટ્રાસન, શવાસન સહિતના યોગાસનો તેમજ કપાલભાતિ, અનુલોમ-વિલોમ જેવા વિવિધ પ્રાણાયામોનો સાધકોએ લાભ લીધો હતો. તેમજ યોગ કોચશ્રીએ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન કરવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને થતાં ફાયદાની જાણકારી આપી હતી તથા નિયમિત યોગ કરવા પ્રોત્સાહન આપ્યું હતું.

આ તકે સહાયક માહિતી નિયામકઓ સોનલબેન જોશીપુરા, પ્રિયંકાબેન પરમાર, પારુલબેન આડેસરા અને વોટસન મ્યુઝિયમના ક્યુરેટર સંગીતાબેન રામાનુજ સહિતના સ્ટાફ અને સ્થાનિકો સહભાગી બન્યા હતા.

## શહેર ભાજપ વિવિધ મોરચા દ્વારા તથા શહેરના દરેક વોર્ડમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અંતર્ગત યોગ કરવામાં આવ્યા






રાજકોટઃ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર વિવિધ મોરચા પ્રમુખ દ્વારા તેમજ વોર્ડમાં વોર્ડ પ્રમુખની આગેવાનીમાં યોગ કરવામાં આવ્યા હતા. રાજકોટ શહેર ભાજપના ઇન્ચાર્જ ડો.માધવ દવે, પરિમલભાઈ પરડવાએ સમગ્ર યોગ દિવસને સફળ બનાવવા માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ની ઉજવણી









રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કુલપતિ પ્રોફે. નિલાંબરીબેન દવેના માર્ગદર્શન હેઠળ તેઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નિલાંબરીબેન દવેએ સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, યોગ એ ભારતીય સંસ્કૃતિની ધરોહર અને આદિકાળની પરંપરા છે. યોગ એ માત્ર એક આસન નથી પરંતુ શારીરિક અને માનસિક પ્રક્રિયા છે. આપણે યોગનો દૈનિક જીવનમાં સમાવેશ કરવો જોઈએ અને દરરોજ સવારે અને સાંજે પંદર મીનીટ યોગાસન કરવા જોઈએ. આપણે જીવનમાં પ્રતિદિન રાત્રે સુતા પહેલા આખા દિવસમાં કરેલ સારા અને ખરાબ કાર્યોનો વિચાર કરી જીવનમાં વધુ સારા કાર્યો કરવા જોઈએ.તા. ૨૧મી જૂન મંગળવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસમાં **'Yoga for Self and Society'** ની થીમ પર કાનજી ભુટા બારોટ રંગમંચ ખાતે વહેલી સવારે ૭ વાગ્યે બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકઝીક્યુટીવ કાઉન્સિલના સભ્યઓ, વિવિધ ભવનોના અધ્યક્ષઓ, અધિકારીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નગરજનો સહિત બહોળી ઉપસ્થિતિવાળા આ પ્રભાવશાળી કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ભાગ લેનારા સૌ સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈને આવેલ હતા. યોગની પ્રત્યક્ષ જાણકારી મળે તે માટે સ્થળ પર યોગ નિર્દેશંકો દ્વારા યોગનું નિદર્શન આવેલ હતું કરવામાં અને યોગ કાર્યક્રમ દરમ્યાન તાત્કાલીક સારવાર માટે તબીબની ટીમ હાજર હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા કુલપતિ પ્રોફે. નિલાંબરીબેન દવે અને ફુલસચિવ ડો. રમેશભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ શારિરીક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબા, કે.કે. બાવડા, જયસિંગભાઈ, મૌનિકભાઈ ગઢવી, ઉમેશભાઈ માઢક સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

## તંત્રી લેખ

# ટેકનોલોજી...

વેરેબલ ટેકનોલોજી આપણે ત્યાં હવે કોમન બની ગઇ છે. સ્માર્ટ ફોનના વપરાશકારો જેટલાજ વપરાશકારો કોઇને કોઇ વેરેબલ ટેકનોલોજીનો ઉપયોગ કરતા હોય છે. કેમકે વેરેબલ ટેકનોલોજી મોબાઇલ ટેકનોલોજી સાથે એટેચ હોય છે. પહેલાં વેરેબલ ટેકનોલોજીનો ઉપયોગ કરનારા તેને સ્ટેટસ ગણતા હતા આજે તેનો ઉપયોગ દરેકના કાંડા પર જોવા મળી રહ્યો છે. જે હેલ્થ બાબતે જાગૃતી બતાવે છે. લોકો એપલ વોચ પહેરીને સ્ટેટસ ઉભું કરતા હતા પરંતુ હવે તો અનેકના કાંડા પર એપલ વોચ જેવી વોચ જોવા મળે છે. જ્યારે વેરેબલ ટેકનોલોજી કેટલીક કંપનીની મનોપોલી હતી ત્યારે તેની કિંમત પણ ઉંચી રહેતી હતી અને પ્રોડક્ટની રેન્જ પણ ઓછી જોવા મળતી હતી.

મોર્નિંગ વોકમાં લોકો વેરેબલ ટેકનોનોજી સાથે જોવા મળે છે. પોતે દિવસના કેટલા પગલાં ચાલ્યા તે નિયમિત જોતો એક વર્ગ છે. બોડી ટેમ્પરેચરથી માંડીને ઓક્સિજન લેવલ સુધીના કાઉન્ટીંગ લોકો કરતા હોય છે. વેરબલ પ્રોડક્ટમાં સ્માર્ટવોચ, બ્લ્યૂટૂથ હેડફોન, ઇયરબડ્સ, રીસ્ટ બેન્ડ (કાંડા પર પહેરવાનું ડિવાઇસ) વગેરેનો સમાવેશ થાય છે. વેરેબલ પ્રોડક્ટનો ઉપયોગ કરવાનો ક્રેઝ વધતાં તેના ઉત્પાદકો પણ વધ્યા હતા. ઉત્પાદન વધતાં તેના વેચાણમાં એકની ખરીદી પર એક ફ્રી જેવી નવી સ્કીમો જોવા મળે છે. નવી સ્કીમોના કારણે તેના ભાવ તૂટયા છે અને આ સ્પર્ધાનો લાભ ગ્રાહકોને મળી રહ્યો છે. જે વેરેબલ પ્રોડક્ટ ગયા વર્ષે ૮૦૦ રૂપિયામાં મળતી હતી તે આજે ૪૦૦ રૂપિયામાં મળતી થઇ છે. ઉત્પાદન પ્રમાણે વેચાણ પણ વધ્યું છે પરંતુ કંપનીઓ માલનો ભરાવો કાઢવા નીતનવી સ્કીમો મુકી રહી છે.

એક અંદાજ અનુસાર ૨૦૧૯ અને ૨૦૨૩ની સરખામણી કરીએ તો સ્માર્ટ વોચ અને વાયરલેસ હેડફોન જેવી બહુ વપરાશની ચીજોના ભાવોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષ કરતા આ વર્ષે આવી વેરેબલ પ્રોડક્ટમાં ૧૮ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. વરેબલ પ્રોડક્ટ સાથે સંકળાયેલી જાયન્ટ કંપની ટાઇટનનું પણ માનવું છે કે જેમ દિવાળી નજીક આવશે એમ એમ વેરેબલ પ્રોડક્ટના ભાવો ઘટતાં જોવા મળશે. જ્યાં સુધી ઉત્પાદકો પાસે વધારાનો સ્ટોક છે તેનો નિકાલ નહીં થાય ત્યાં સુધી વેરેબલ પ્રોડક્ટ સસ્તી મળતી જોવા મળશે. હાલમાં વેરેબલ પ્રોડક્ટ સસ્તી મળવા પાછળનું એક માત્ર કારણ તેનો સ્ટોક વધી ગયો છે.

હકીકત એ પણ છે કે ભારતમાં વેરબેલ પ્રોડક્ટ્સ વચ્ચે સ્પર્ધા ઉભી થઇ છે. યુવા વર્ગમાં વેરેબલ ઇલેકટ્રોનીક્સ ચીજોનો ક્રેઝ વધ્યો છે.આ ક્રેઝને જોઇને બજારમાં વેરેબલ પ્રોડક્ટના વેચાણમાં સ્પર્ધા જોવા મળે છે. ભારતમાં વેરેબલ પ્રોડક્ટ બનાવતી ૨૦૦ જેટલી બ્રાન્ડ છે. વેરેબલ ટેકનોલોજીના પાર્ટ અને હાર્ડવેર ચીનથી આવતા હોવાથી વેરેબલ પ્રોડક્ટના ઉત્પાદનની કોસ્ટ સસ્તી પડે છે. કહે છે કે નાની કંપનીઓ ચીનના હાર્ડવેર વાપરતા હોવાથી હેલ્થના રીડીંગ પરફેક્ટ આવતા નથી. પરફેક્ટ રીડીંગના અભાવે વ્યક્તિ પોતાની હેલ્થનું પરફેક્ટ હેલ્થનું અવલોકન કરી શકતો નથી. પરંતુ વેરેબલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્ટેટસ ઉભું કરવા મથતા લોકો જો નાના ઉત્પાદકો ચીનના હાર્ડવેર વાપરવાનું ઓછું કરી નાખે તો ફરી વરેબલનું માર્કેટ વપરાશકારોના ભરોસો જીતી શકે એમ માર્કેટ સાથે સંકળાયેલા લોકો માની રહ્યા છે.

વેરેબલ ટેકનોલોજી જ્યારે શરૂ થઇ ત્યારે કંપનીઓએ લોકોને બહુ લૂંટયા હતા. બે ચાર કંપનીઓની પ્રોડક્ટ બજારમાં હતી અને લોકોમાં ખરીદીનો ક્રેઝ હતો. બહુ ડિમાન્ડ ઉભી થઇ એટલે અન્ય કંપનીઓ મેદાનમાં આવી હતી. દરેક નવી કંપનીઓ સ્પર્ધામાં ઉતરી હતી. ચીનથી આવતા હાર્ડવેરના કારણે એસેમ્બલીંગ સસ્તું પડતું હતું. તેના કારણે કંપનીઓ ભાવ પણ તોડતી હતી.

બહુ ચાલતી બ્રાન્ડની કોપી નવી બ્રાન્ડ કરતી હતી. તે વધુ સારૃં પેકીંગ કરીને ગ્રાહકો સમક્ષ વેરેબલ પ્રોડક્ટ વેચતા હતા. હેલ્થ અવેરનેસ માટે નેરેબલ ટેકનોલોજી બહુ ઉપયોગી છે. સ્માર્ટ ફોનના અનેક ઉપયોગોમાંનો એક વેરેબલ ટેકનોલોજી છે. સ્માર્ટ ફોન સાથે એટેચ હેલ્થ રિપોર્ટ બહુ ઉપયોગી બની રહ્યો છે. હેલ્થ અવેરનેસ ઘર ઘરનો વિષય બની ગયો છે માટે તેની ડિમાન્ડ જોવા મળે છે.

# ૧૪૩ આસામીઓ પાસેથી ૧૫.૪ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત





(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૦/૦૬ના રોજ ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા.૨૦/૦૬ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૪૩ આસામીઓ પાસેથી ૧૫.૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૧૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૬૧ આસામીઓ પાસેથી ૪.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૪૫૦૦ નોવહીવટી ચાર્જ વસુલવ-ામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૭.૧૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૬૨૦૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૦આસામીઓ પાસેથી ૩.૪૮કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથીરૂ.૧૦૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્સ્પેકટર/ સેનેટરી સબ ઇન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# વિંછીયા-જસદણ પંથકના ૩૭૦૦ કારીગરોને મળ્યો વિશ્વકર્મા યોજનાનો લાભ

## મંત્રી કુંવરજી બાવળીયાના હસ્તે જસદણ-વિંછીયા ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના રજીસ્ટ્રેશન કેમ્પનો શુભારંભ






(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

ગુજરાતના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ સવારે ૧૦ કલાકે માર્કેટિંગ યાર્ડ વિંછીયા તથા ૧૧ કલાકે જૂના માર્કેટિંગ યાર્ડ, જસદણ ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના રજીસ્ટ્રેશન કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મંત્રીએ જસદણ-વિંછીયા વિસ્તારના લોકોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બનવા માટે અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશ્વકર્મા યોજના થકી નાનામાં નાના કારીગરને પણ પોતાના પરિવારને મદદરૂપ બનવા પોતાની કારીગરીને વધુ વિકસિત કરી વધુ સારી આવક મેળવવા સમર્થ બનાવવામાં આવી રહ્યા છે.

વિંછીયા વિસ્તારમાં હાલ સુધીમાં ૨૫૦૦ જેટલા કારીગરોને આ યોજનાનો લાભ મળ્યો છે તો જસદણ વિસ્તારમાં હાલ સુધીમાં ૧૨૦૦ જેટલા કારીગરોની અરજીઓ મંજૂર થઈ ચૂકી છે તેમ છતાં હજુ પણ આ વિસ્તારના નાનામાં નાના કારીગરને આ યોજનાનો લાભ મળે તે માટે આ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે જ મંત્રીએ કન્યા કેળવણી પર ભાર મુકતા અપીલ કરી હતી કે, સરકાર દ્વારા દીકરીઓને વિવિધ યોજના હેઠળ નિઃશુલ્ક અભ્યાસ કરાવવા આવે છે ત્યારે દીકરીઓ પણ આગળ વધે અને સારૂ શિક્ષણ મેળવે તે માટે લોકો સહકાર આપે, ઉપરાંત આ વિસ્તારના નિરાધાર વૃદ્ધોને પણ મંત્રીએ સહાયકારી યોજનાઓના લાભો અપાવવા માટે તત્પરતા દાખવી હતી. વિસ્તારના એક પણ નાગરિકને કોઈ પણ યોજનાના લાભ માટે તમામ પ્રક્રિયામાં સરકારી તંત્ર અને સ્વયં મંત્રી સહાયભૂત બની રહ્યા છે ત્યારે લોકો પણ કોઈ પણ જરૂરિયાતમંદ વ્યક્તિને જાણે તો તેને પણ યોજનાઓ વિશે માહિતી આપી ''આંગળી ચીંધ્યાનો પુણ્ય કરે'' તેવી મંત્રીએ અપીલ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ વિવિધ ૧૮ કળાના કારીગરોના કૌશલ્યનો વિકાસ કરવામાં આવશે. આ યોજના દ્વારા વિશ્વકર્મા ભાઈ-બહેનોને તબક્કાવાર રૂ ૩,૦૦,૦૦૦/- સુધીની ગેરંટી વગરની લોન, રૂ ૧૫,૦૦૦/- સુધીની ટુલકીટ સહાય, સ્કીલ અપગ્રેડેશન માટે ઉચ્ચકક્ષાની તાલીમ તથા કારીગરો દ્વારા ઉત્પાદન કરેલ વસ્તુ પર ક્વોલિટી સર્ટીફિકેટનો લાભ મળશે. કારીગરોને તાલીમ દરમ્યાન પ્રતિ દિન રૂ ૫૦૦/-નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

# શાળા પ્રવેશોત્સવ વખતે સ્કૂલોના બાળકોને તિથિ ભોજન કરાવવાનું આયોજન

અમદાવાદ,તા.૨૧

રાજયમાં ૨૬ જૂનથી ત્રણ દિવસ માટે કન્યા કેળવણી મહોત્વસ અને શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીથી લઈને અધિકારીઓ રાજયની જુદી જુદી સરકારી પ્રાથમિક સ્કૂલોની મુલાકાત લેશે. જેથી આ દરમિયાન સરકારી પ્રાથમિક સ્કૂલોના વિદ્યાર્થીઓને તિથિ ભોજન કરાવવામાં આવે તે માટે પીએમ પોષણ કમિશનર કચેરી દ્વારા તમામ જિલ્લાઓને સૂચન કરાયું છે. ગામમાં તહેવારો, જન્મદિવસ તથા રાષ્ટ્રીય પર્વની ઉજવણી વખતે દાતાઓ દ્વારા તિથિ ભોજન કરાવવાની પરંપરા છે, ત્યારે શાળા પ્રવેશોત્સવ વખતે પણ પીએમ પોષણ યોજના અંતર્ગત સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવામાં આવે તે માટે આયોજન કરવા જણાવાયું છે. આ માટે સ્થાનિક દાતાઓની મદદ લેવા માટે સૂચન કરવામાં આવ્યું છે.

ચાલુ શૈક્ષણિક વર્ષનું શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ આગામી ૨૬ જૂનથી ૨૮ જૂન દરમિયાન યોજાનાર છે. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી, મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ ત્રણ દિવસ સુધી રાજયની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓની મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરુ પાડશે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ થકી રાજયના તમામ સ્કૂલે જવા લાયક બાળકોને સ્કૂલ સુધી પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવતા હોય છે. જેમાં સ્થાનિક ધારાસભ્યો પણ મહત્વનો ભાગ ભજવતા હોય છે.

રાજયમાં આવેલી તમામ સરકારી શાળાઓમાં પીએમ પોષણ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને નાસ્તો તથા બપોરનું ભોજન પીરસવામાં આવે છે. આગામી કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ સમયે બાળકોને પ્રોત્સાહન આપવા દાતાઓ દ્વારા તિથિ ભોજન આપવામાં આવે તે માટે પીએમ પોષણ યોજના કચેરી દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં પત્ર લખી સૂચન કરાયું છે. ગુજરાત રાજયમાં શાળાના બાળકોને જુદા જુદા તહેવારો, જન્મ દિવસ ઉજવણી તથા રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે ગામના દાતાઓ, શ્રેષ્ઠીઓ તેમજ ગામના આગેવાનો તરફથી તિથિ ભોજન આપવામાં આવતો હોય છે. જેથી આ જ રીતે આગામી ૨૬ જૂનથી ૨૮ જૂન દરમિયાન યોજાનારા કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ નિમિત્તે તિથી ભોજન આપવાનો પ્રયાસ કરવામાં આવશે.

# ચેક પરતનાં કિસ્સામાં અપીલકર્તા (મુળ તહોમતદાર) ની અપીલ રદ કરતી જીલ્લા ન્યાયાલય

રાજકોટ,તા.૨૧

આ અપીલ હકીકતની એવી છે કે, આ કામનાં અપીલકર્તા એટલે કે મુળ તહેમતદાર ઉમેશભાઈ બાબુભાઈ કાકડીયા એ રાજકોટના રહીશ એવા મયંકભાઈ પ્રભુદાસ રાધનપુરા તથા જયદીપભાઈ પ્રભુદાસ રાધનપુરા નામનાં બે ભાઈઓ પાસેથી રૂા. ૮,૫૦,૦૦૦-૦૦ અંકે રુપિયા આઠ લાખ પચાસ હજાર સંબંધના દાવે હાથ ઉછીનાં લીધેલ હતાં અને તે પરત ચુકવવા રૂા. ૫,૦૦,૦૦૦/- તથા રૂા. ૩,૫૦,૦૦૦/- એમ બે ચેકા આપેલા હતા જે બંન્ને ચેકા વટાવાયા વિનાં પરત ફરતાં મયંકભાઈ પ્રભુદાસ રાધનપુરા તથા જયદીપભાઈ પ્રભુદાસ રાધનપુરાએ રાજકોટના મુખ્ય ન્યાયીક ન્યાયાધીશ સમક્ષ વટાઉખત અધિનિયમની કલમ ૧૩૮ નીચે અલગ અલગ ફોજદારી ફરીયાદ કરેલ હતી જે ફરીયાદ અન્વયે ન્યાયમુર્તી લાલવાણી સાહેબે ફરીયાદી વકીલ તથા તહોમતદાર વકીલની દલીલો તથા રજુ કરેલ પુરાવાઓ ધ્યાને લઈ ને બંન્ને કેસોમાં તહોમતદાર ઉમેશભાઈ બાબુભાઈ કાકડીયા ને દોષીત ઠરાવી એક વર્ષની સજા તથા દંડની રકમનો હુકમ કરેલ હતો.

ન્યાયમુર્તી લાલવાણી સાહેબે કરેલ હુકમથી નારાજ થઈ ને આ કામનાં અપીલકર્તા એટલે કે મુળ તહોમતદાર ઉમેશભાઈ બાબુભાઈ કાકડીયા એ રાજકોટના જીલ્લા ન્યાયાલયમાં ફોજદારી અપીલ નં. ૧૯૩/૨૨ તથા ૧૯૪/૨૨ થી અપીલ દાખલ કરેલ હતી જે બંન્ને અપીલો અધિક જીલ્લા ન્યાયાધીશ ડી જે સીંઘ સાહેબની અદાલતમાં સુનાવણી માટે ઉપસ્થિત થતા ન્યાયમર્તી ડી જે સીંઘ સાહેબે બંન્ને પક્ષકારાનો વકીલએ રજુ કરેલ લેખીત તથા મૌખીક દલીલો અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ અપીલકર્તા તહોમતદાર ઉમેશભાઈ બાબુભાઈ કાકડીયા ની બંન્ને અપીલો તા. ૧૧-૬-૨૦૨૪ના રોજ હુકમથી રદ કરી નીચેની કોર્ટના હુકમ કાયમ રાખેલ છે તથા દિવસ ૭ માં નીચેની કાર્ટમાં શરણાંગત થવા હુકમ કરેલ છે.

આ કામમાં રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ પરેશભાઈ ઠાકર, પીયુષભાઈ ઠાકર, દીપકભાઈ પટેલ તથા રવીરાજ ગોહેલ રોકાયેલા હતા.

# રાજયના ધો-૧૦, ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ૨.૩૮ લાખ વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપશે



અમદાવાદ,તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ૨.૩૮ લાખ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવશે. પૂરક પરીક્ષા માટે ધો-૧૦ના ૪૧ કેન્દ્રો પર ૩૮૩ સ્કૂલો અને ધો-૧૨ના ૩૪ કેન્દ્રો પર ૨૭૦ સ્કૂલો નક્કી કરવામાં આવી છે. ૨૪ જૂનથી શરૂ થનારી પૂરક પરીક્ષા ૪ જુલાઈના રોજ પૂર્ણ થશે. પરીક્ષાને લઈ બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે અને હવે પરીક્ષાને લઈને એક્શન પ્લાન પણ જાહેર કરવામાં આવ્યો છે. પૂરક પરીક્ષામાં દરેક કેન્દ્રો પર CCTVનું લાઈવ વ્યુઈંગ કરવા માટે સુપરવાઈઝર મૂકવામાં આવશે. આ ઉપરાંત પરીક્ષા વખતે લાઈવ વ્યુઈંગનું સ્થળ સંચાલક તથા સરકારી પ્રતિનિધિએ પણ નિરીક્ષણ કરવાનું રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી ધો-૧૦, ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. આ પૂરક પરીક્ષા માટે સમગ્ર રાજયમાંથી ૨૩૮૦૩૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ધો-૧૦ની પરીક્ષા માટે ૩૪ ઝોનની રચના કરવામાં આવી છે. જયારે ધો-૧૨દ્નક પરીક્ષા માટે પણ ૩૪ ઝોન રચાયા છે. ધો-૧૦ માટે કુલ ૪૧ કેન્દ્રો અને ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ માટે ૩૪ કેન્દ્રો પરથી પરીક્ષા લેવામાં આવશે.

ધો-૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજયમાંથી ૧૩૭૦૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૧૦૫૭૮ અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૪૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. સૌથી વધુ વિદ્યાર્થીઓ સુરતમાં ૧૧૧૦૫ નોંધાયા હોવાનું જાણવા મળે છે. જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સમગ્ર રાજયમાં ૬૬૦૮૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૬૪૮૩ અને અમદાવાદ ગ્રામ્યમાં ૩૫૮૯ વિદ્યાર્થીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે. ધો-૧૨ સાયન્સમાં અમદાવાદ શહેરમાં ૨૭૭૧ વિદ્યાર્થીઓ અને અમદાવાદ ગ્રામ્યમાં ૧૫૫૮ વિદ્યાર્થીઓ મળી સમગ્ર રાજયમાં ૩૪૯૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં A ગ્રૂપના ૧૦૮૪૧ વિદ્યાર્થી, B ગ્રૂપના ૨૪૦૩૯ વિદ્યાર્થી અને AB ગ્રૂપના ૪૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ધો-૧૦ની પરીક્ષામાં ૧૩૭૦૨૫ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે ૪૧ જેટલા સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. આ સેન્ટર પર ૩૮૩ સ્કૂલોમાં પરીક્ષાનું આયોજન કરાયું છે અને આ સ્કૂલોના ૩૭૦૪ વર્ગખંડોમાં ધો-૧૦ની પરીક્ષા લેવામાં આવશે. જયારે ધો-૧૨ સાયન્સમાં ૩૪ સેન્ટરમાં ૩૪૯૨૦ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ માટે ૧૭૦ સ્કૂલોના ૧૭૨૦ વર્ગખંડોનો પરીક્ષા માટે ઉપયોગ કરવામાં આવશે.

સામાન્ય પ્રવાહમાં ૬૬૦૮૫ વિદ્યાર્થીઓ માટે ૧૦૦ જેટલી સ્કૂલોના ૮૭૫ વર્ગખંડમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. આમ, ધો-૧૦માં ૩૮૩ સ્કૂલ અને ધો-૧૨માં ૨૭૦ સ્કૂલો મળી કુલ ૬૫૩ જેટલી સ્કૂલોમાં પરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવશે.

ધો-૧૨ સાયન્સમાં આ વખતે પાસ થયેલા વિદ્યાર્થી પોતાનું પરિણામ સુધારવા માગતા હોય તો તેઓ પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો છે. જેમાં પૂરક પરીક્ષા આપ્યા બાદ મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા પૈકી જેમાં વધુ ગુણ હશે તે ગુણ માન્ય રાખવામાં આવશે. જેથી ૨૪ જૂનથી લેવાનારી પૂરક પરીક્ષામાં રાજયના ધો-૧૨ સાયન્સના ૮૦૩૦ જેટલા પાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ સુધારવા માટે પરીક્ષા આપશે. આમ, આ વિદ્યાર્થીઓના બેસ્ટ ઓફ ટુ ગુણ ધ્યાને લઈને પરિણામાં ફેરફાર કરવામાં આવશે.

ધો-૧૨ સાયન્સમાં આ વખતે પાસ થયેલા વિદ્યાર્થી પોતાનું પરિણામ સુધારવા માગતા હોય તો તેઓ પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો છે. જેમાં પૂરક પરીક્ષા આપ્યા બાદ મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા પૈકી જેમાં વધુ ગુણ હશે તે ગુણ માન્ય રાખવામાં આવશે. જેથી ૨૪ જૂનથી લેવાનારી પૂરક પરીક્ષામાં રાજયના ધો-૧૨ સાયન્સના ૮૦૩૦ જેટલા પાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ સુધારવા માટે પરીક્ષા આપશે. આમ, આ વિદ્યાર્થીઓના બેસ્ટ ઓફ ટુ ગુણ ધ્યાને લઈને પરિણામાં ફેરફાર કરવામાં આવશે.

મહાનગરપાલિકા દબાણ હટાવ શાખા દ્વારા

# શહેરમાં રસ્તા પર નડતર રૂપ ૩૭ રેંકડી - કેબીન જપ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧




મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ,આહીર ચોક મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૩૭ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી, જ્યોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક,ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ,આનંદબંગલા ચોક ,અર્ટીકા,રવિરત્ન પાર્ક,માધાપર ચોકડી,જામનગર રોડ,કોર્ટ ચોક,ગાયત્રીનગર,હોસ્પિટલ ચોકડી પરથી જુદીજુદી અન્ય ૧૦૪ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ. જંક્શન રોડ,જ્યુબેલી,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૬૩૬ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. પુષ્કરધામ મેઈન રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ,નંદનવન,મવડી વિસ્તાર,સ્વામીનારાયાણ ચોક પરથી રૂ.૩૪,૩૦૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૯,૧૦૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

અંબીકા ટાઉનશીપ,કાલાવડ રોડ,યુનિ. રોડ ,સ્પિડવેલ ચોક સુધી,સાધુવાસવાણી રોડ,ઢેબર રોડ,જામનગર રોડ,ટાગોર રોડ,રેસકોર્ષ રિંગરોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ પરથી ૨૫૩ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે

# મહાનગરપાલિકા દ્વારા પોલીયો વેક્સીન કાર્યક્રમનું આયોજન

## ૦ થી ૫ વર્ષ સુધીના ૧,૯૪,૦૦૦ જેટલા બાળકોને આવરી લેવામાં આવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

નેશનલ ઇમ્યુનાઇઝેશન ડે અંતર્ગત મહાનગરપાલિકા વિસ્તારમાં આગામી તા. ૨૩મી જૂન, ૨૦૨૪, રવિવારનાં રોજ પોલીયો વેક્સીન કાર્યક્રમ કરવામાં આવનાર છે.

મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઓરલ પોલીયો રસી આપવામાં આવશે તેમજ કુલ ૭૭૬ જેટલા પોલીયો ઈમ્યુનાઈઝેશન બૂથ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૦ થી ૫ વર્ષ સુધીના ૧,૯૪,૦૦૦ જેટલા બાળકોને આવરી લેવામાં આવશે. ૩૦૦૦ જેટલા વેક્સીનેટર દ્વારા ઓરલ પોલીયો રસી આપવામાં આવશે. જેમાં, એફ.એચ.ડબલ્યુ., આશા વર્કર, આંગણવાડી વર્કર, નર્સિંગ કોલેજના સ્ટુડન્ટ, એસ.આઈ. કોલેજના સ્ટુડન્ટ, વિવિધ પેરામેડીકલ કોલેજના સ્ટુડન્ટ, હોમિયોપેથીક મેડીકલ કોલેજના ઈન્ટર્ન ડોક્ટર્સ દ્વારા કામગીરી કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર, નાયબ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો.જયેશકુમાર વકાણી અને આર.સી.એચ. ઓફિસર ડો. લલિત વાંઝાનાં સુપરવિઝન હેઠળ પોલીયો ઈમ્યુનાઈઝેશનની કામગીરી કરવામાં આવશે.

રાજકોટ શહેરી વિસ્તારના ૦-૫ વર્ષનાં તમામ બાળકોને પોલીયો કાર્યક્રમ દરમિયાન પોલીયોના ટીપા પીવડાવી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ છે.

# ૨૫ જૂને રાજકોટ સ્વયંભૂ બંધ રાખવા શહેર કોંગ્રેસ આગેવાનોની અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧



રાજકોટ શહેરના પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઓબીસી સેલના કાર્યકારી અધ્યક્ષ મહેશભાઈ રાજપુત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જસવંતસિંહ ભટ્ટી, જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ હિતેશ વોરા ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ ખાતે બનેલા ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષને જિંદગી હોમાઈ ગઈ ગુજરાતના ભ્રષ્ટાચારી શાસકોને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ગેરકાયદે ચલાવવા દેવાયેલ ટીઆરપી ગેમ્સ ઝોનમાં લાગેલી આગમાં અનેક લોકો જીવતા ભુંજાઈ ગયા.

અગ્નિકાંડ માં હોમાઈ ગયેલા પીડિતોના પરિવારને ન્યાય અપાવવા માટે પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ સ્વયંભુ બંધ રાખીને શ્રદ્ધાંજલિ પાઠવીએ. ભ્રષ્ટાચારી ભારતીય જનતા પાર્ટીના રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ કમિશનર કચેરીની ગુનાહિત બેદરકારી ને પગલે જે બનાવ બનેલ છે તેમાં આજ સુધી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર સહિતના આગેવાનોને રજૂઆતો કરવા છતાં હકારાત્મક વલણ અપનાવી યોગ્ય પ્રતિસાદ ન મળતા રાજકોટ ખાતેના ઐતિહાસિક ચોક ત્રિકોણ બાગ ખાતે ત્રણ દિવસના ધરણાં કરાયા હતા અને રાજકોટ ના પોલીસ કમિશનરને ઘેરાવ કરી ઉગ્ર રજૂઆતો કરી હતી.

ચાલો આપણે રાજકોટ વાસીઓ સૌ સાથે મળીને ન્યાયની લડત લડીએ આ ભ્રષ્ટ અધિકારીઓ ભ્રષ્ટ શાસકો દ્વારા હજી બેફામ બનીને આવા ગેરકાયદેસર તક્ષશિલા જેવી શાળાઓ સળગતા રહેશે અને મોરબીના ઝૂલતા પુલ જેવી ઘટનાઓમાં માનવ જિંદગી હોમાતી રહેશે. મોતનું તાંડવ થતું રહેશે લઠ્ઠાકાંડ જેવી ઘટનાઓ બનતી રહેશે. રાજકોટના આ અગ્નિકાંડમાં સંડોવણી હોવા છતાં પદાધિકારીઓ કે કોર્પોરેટરો ની ધરપકડ કરવામાં આવેલ નથી ફક્ત અધિકારીઓ ને હાથા બનાવી કોર્પોરેટરો અને પદાધિકારીઓને ક્લીનચીટ શા માટે ? રાજ્ય સરકારે SIT સહિત ત્રણેક કમિટીઓ રચી છે પરંતુ આ કમિટીઓ હજુ કશું ઉકાળી શકી નથી અને બનાવ બનેલી ઘટનાને એકાદ મહિના પછી પણ અનેક આરોપીઓ ના નામ એફઆઈઆર માં નોંધાયા નથી ૨૫ જૂનના રોજ અગ્નિકાંડ પીડિતોની પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્વયંભૂ સૌ સાથે મળીને રાજકોટ અડધો દિવસ બંધ પાળી સાચી હૃદય પૂર્વકની શ્રદ્ધાંજલિ આપીએ અગ્નિકાંડ પીડિત પરિવારોને ન્યાયની લડતમાં સહભાગી બનીએ. ફરી એક વખત રાજકોટ શહેર કોંગ્રેસના આગેવાનોએ રાજકોટ સ્વયંભૂ બંધ રાખવા નમ્ર વિનંતી કરી છે.

# અંકિતભાઇ ભુવાનો આજે જન્મદિવસ



રાજકોટ : શ્રી ખોડલધામ ટ્રસ્ટની યુવા પાંખ KDVS સાથે સંકળાયેલ અને એડવોકેટ એવા અંકિતભાઇ ભુવાનો આજે જન્મદિવસ છે.

# રાજકોટમાં ૨૨ મી જુને ભગવાન જગન્નાથની જળયાત્રા : ૧૦૮ કળશધારી બાળાઓ જોડાશે



## પરંપરા મુજબ રાજકોટ પોલીસ કમિશ્નરના હસ્તે મહા અભિષેક

રાજકોટ,તા.૨૧

ભગવાન જગન્નાથજીના રથયાત્રા મહોત્સવની વિધિવત શરૂઆત જેઠ સુદ પુનમના દિવસે જળયાત્રાથી થાય છે. રાજકોટમાં નાનામવા ખાતે આવેલ જગન્નાથ મંદિરે વૈદિક પરંપરા મુજબ તા.૨૨-૦૬ ને શનિવારના રોજ ભવ્ય જળયાત્રાનું આયોજન કરવામા આવ્યું છે જેમાં ૧૦૮ કળશધારી બાળાઓ વાજતે-ગાજતે નાનામવા ગામના કુંવે પાણી ભરવા માટે જશે જે પાણી અને કેશર ચંદનથી મંદિરના પટાંગણમાં ભગવાન જગન્નાથજીને સ્નાન કરવામાં આવશે. આ જળયાત્રામાં બાળાઓ-બહેનો, સાધુસંતો અને ભકતજનો જોડાશે. ધાર્મિક પરંપરા મુજબ ભગવાન ભકતોના દુઃખ હરનારા જગતના નાથને પણ શરદી થઇ જતી હોય તેના ઈલાજ માટે કરવા માટે આ સ્નાન વિધિ કરવામા આવતી હોય છે. દુધ કેશર અને ૧૦૮ ઘડા જળથી સ્નાન કરાવ્યા બાદ નીજ મંદિરમા પરત લાવવામા આવે છે. દર વર્ષે પોલીસ કમિશ્નરના હસ્તે મહા અભિષેક કરવામાં આવતો હોય આ વર્ષે નવા પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા ના હસ્તે આ અભિષેક વિધિ કરવામા આવશે. આ જળયાત્રા અને અભિષેક વિધિમા ભકતજનોને જોડાવા જગન્નાથ મંદિરના મહંત શ્રી ત્યાગી મનમોહનદાસજી ગુરુ રામકિશોરદાસજીની એક યાદીમા જણાવાયુ છે.

ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલના 6th ફાઉન્ડેશન કે નિમિત્તે

# ગોંડલમાં રવિવારે મહારકતદાન કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧



ગંગોત્રી સ્કુલના ફાઉન્ડર અને ચેરમેન સંદિપ છોટાળા તેમજ જીતેન્દ્રભાઇ કાતરીયા તથા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી તથા યજ્ઞેશ વારીયાએ સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી

અનેક સામાજિક અને સેવાકાર્યો માટે મોખરે રહેતા ગંગોત્રી પરિવાર દ્વારા ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલના 6th ફાઉન્ડેશન ડે નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૩/૦૬ને રવિવારના રોજ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ગંગોત્રી સ્કૂલ પરિવારની પરંપરા પ્રમાણે દર વર્ષે ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલના ફાઉન્ડેશન ડે નિમિત્તે ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ સામાજિક પ્રવૃત્તિના ભાગ રૂપે દર વર્ષે મહારક્તદાન કેમ્પનું આયોજન કરીને ૫૦૦ જેટલી રકતની બોટલ એકત્ર કરી જરૂરિયાતમંદ દર્દીઓને પૂરી પાડવામાં આવે છે. થેલેસેમિયા ગ્રસ્ત લાખો બાળકો, કિડની, કેન્સરના દર્દીઓ તથા ભયંકર અકસ્માતો, મોટા ઓપરેશન અને સગર્ભા મહિલા દર્દીઓ માટે બ્લડની ખૂબ જરૂર પડે છે. આવા દર્દીઓને પૂરતા પ્રમાણમાં લોહી મળી રહે અને તેઓ પણ વધુ સારી રીતે જિંદગી જીવી રાકે તે હેતુથી ગંગોત્રી સ્કૂલ પરિવાર દ્વારા તારીખ ૨૩/૦૬ ને રવિવારના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ગંગોત્રી સ્કૂલ, ગુંદાળા રોડ, ગોંડલ મુકામે મહારક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે. તેમજ રક્તદાન કરનાર માટે ચા નાસ્તાની વ્યવસ્થા રાખેલ છે, તેમજ રક્તદાન કરનારને ગંગોત્રી સ્કૂલ પરીવાર દ્વારા ભેટ આપવામાં આવશે.

આ મહારક્તદાન કેમ્પને સફળ બનાવવા ગંગોત્રી સ્કૂલ પરિવાર સાથે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉંડેશન રાજકોટ તેમજ ગોંડલ અને જેતપુરની ઘણી સેવાભાવી સંસ્થાઓ પણ જોડાયેલ છે. આ બ્લડ ડોનેશન કેમ્પ માટે વિવિધ ઘણી બ્લડ બેન્ક આવશે અને તે બ્લડ ડાયરેક્ટ દર્દી સુધી પહોંચાડશે.

# મહારાજ ફિલ્મના વિરોધમાં વડોદરામાં VYO અને VIPO ની જંગી રેલી

## વ્રજરાજકુમારજી અને દ્વારકેશલાલજી બંને વૈષ્ણવાચાર્ય એ પોતાના અનુયાયી દ્વારા વિરોધ નોંધાવ્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

વૈષ્ણવાચાર્ય પુજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજ શ્રી દ્વારા સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) તેમજ વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી મહારાજ શ્રી ની VIPO સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વૈષ્ણવોના રક્ષણ માટે ''વૈષ્ણવ ધર્મ રક્ષા સમિતિ'' નું નિર્માણ કરવામાં આવ્યું હતું.આ સમિતિ દ્વારા વડોદરા શહેરમાં હિન્દુ ધર્મના દુષ્ટ પ્રચાર કરતી મહારાજ ફિલ્મ ના પાછળ વિરોધ માટે એક વૈષ્ણવ રેલી કરવામાં આવી હતી.આ રેલીમાં VYO અને VIPO ના અસંખ્ય કાર્યકર્તાઓ જોડાયા હતા.

સમિતિના આગેવાનો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને વડોદરા પોલીસ કમિશનર ઓફિસમાં VYO અને VIPO દ્વારા આવતીકાલે અરજી આપવામાં આવશે.આ રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો પણ જોડાયા હતા.પુષ્ટિમાર્ગ વૈષ્ણવ સંપ્રદાયમાં વૈશ્વિક રીતે સંપ્રદાયનો બહોળો પ્રચાર કરવા પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી અને પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી આગવી રીતે કાર્યરત છે ત્યારે બંને આચાર્યોની આ યુતિ એ વૈષ્ણવ સમાજમાં જબરદસ્ત એકતાનું દર્શન કરાવ્યું હતું.વૈષ્ણવ સમાજ માટે બંને આચાર્યો ભેગા થઈને આ હિન્દુ ધર્મ તેમજ વૈષ્ણવ સંપ્રદાય અને ખાસ કરીને ભગવાન શ્રીકૃષ્ણ ઉપર અભદ્ર ટિપ્પણીને જોતા એવા પર ગંભીર આક્ષેપો કરતી મહારાજ ફિલ્મ નો વિરોધ ખૂબ જ મોટા પાયે થઈ ગયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે આ પૂર્વે VYO ભારતના સલાહકાર શૈલેષભાઈ પટવારી મહારાજ ફિલ્મના મુદ્દા પર હાઈકોર્ટમાં પિટિશન અને બીજા VIPO ના કાર્યકર્તાઓ સાથે મળીને કરી હતી. જેના પરિણામ સ્વરૂપે હાઈકોર્ટે ફિલ્મ રિલીઝ પર રોક લગાવી હતી.આ સમિતિમાં VYO વડોદરાના પ્રમુખ અને વડોદરાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષી, VYO ભારતના સલાહકાર અને GCCI ના પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ પટવારી, ધારાસભ્ય - કેયુરભાઈ રોકડિયા, વિધાનસભા દંડક અને ધારાસભ્ય - બાલુભાઈ શુકલા, ધારાસભ્ય - જીતુભાઈ સુખડિયા, ડો. વિજયભાઈ શાહ VIPO ના પ્રમુખ રાશીકાંતભાઈ, ભરતભાઈ ઝવેરી, બંદીપભાઈ રંગવાલા, SVVP પ્રમુખ કિરીટભાઈ શાહ સહિતના અગ્રણીઓ જોડાયા હતા.તેમ જણાવ્યું છે.

# રાજકોટ ચેમ્બર દ્વારા અવરનેશ સેમીનાર યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઇઝેશનના સંયુકત ઉપક્રમે ""Understanding New eBRC Module on DGFT Website"" અંગે તા. ૨૦-૦૬ ના રોજ અવરનેશ સેમીનાર યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર અવાર-નવાર વિવિધ સેકટરને લગતા સેમિનારો યોજે છે. ત્યારે નિકાસકારોને New eBRC Module ની સંપુર્ણ જાણકારી મળી રહે તે તેમજ New eBRC માં જે ફેસેલીટી છે તેમાં તેને કઈ રીતે જનરેટ કરી શકાય અને તેમાં કઈ કઈ મુશ્કેલીઓ પડી રહી છે તેનું યોગ્ય નિરાકરણ લાવવા માટે આ સેમિનાર યોજેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. વધુમાં સરકાર દ્વારા નિકાસકારોને ઘણી સુવિધાઓ આપવામાં આવી રહી છે જેમાં ઈન્ડિયામાર્ટમાં રજીસ્ટ્રેશન તથા નાના વેપારીઓ માટે ઈ-કોમર્સ માર્કેટ પ્લેસ પણ ખુબ જ ઉપયોગી બની રહ્યુ છે. રાજકોટ ચેમ્બર વેપાર-ઉદ્યોગકારોના દરેક પ્રશ્નોને વાચા આપવા હંમેશા તત્પર રહે છે. ત્યારે કોઈપણ પ્રશ્નો-સમસ્યા હોય તો જાણ કરવા અનુરોધ કરેલ.

જોઈન્ટ ડીજીએફટી રોહિત સોની દ્વારા નિકાસકારો માટે eBRC જનરેટ કરવા માટે બેન્કો દ્વારા રૂા.૫૦૦ થી ૧૦૦૦ જેટલો ચાર્જ વસુલ કરવામાં આવે છે. તેથી નિકાસકારો ઉપર આર્થિક ભારણ ન પડે તે માટે તેઓ પોતે જ EBRC જનરેટ કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરેલ છે. પરંતુ તેમાં EDPMS એન્ટ્રી ક્લોઝ કરાવવી પડશે તેની જાણકારી આપેલ.

મુંબઈ સ્થિત ખાસ વકતા મિહીરભાઈ શાહએ ઈલેકટ્રોનિક બેન્ક રિયલાઈઝેનશ સર્ટીફિકેટ કે જેને eBRC તરીકે ઓળખવામાં આવે છે. જે બેન્કો દ્વારા ઈશ્યું કરવામાં આવતું ડિઝીટલ સર્ટીફિકેટ છે અને આ સર્ટીફિકેટ કન્ફર્મ કરે છે કે નિકાસકારે નિકાસ કરેલ માલના આયાતકાર પાસેથી પેમેન્ટની ચુકવણી પ્રાપ્ત કરી છે.

ત્યારબાદ ન્યુદિલ્હી ડીજીએફટી હેડ ઓફિસના ટેકનિકલ ઓફિસર દ્વારા ઓનલાઈન જોડાઈને નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વ્યક્ત રાજકોટ ચેમ્બરના માનદમંત્રી નૌતમભાઈ બોરસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

# યુજીસી નેટ પરીક્ષાનું પેપર લીક થવું તે વિદ્યાર્થીઓના વિશ્વાસ સાથે ચેડાં છે. : હેમાંગ રાવલ

## પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું સઘન ચેકીંગ પણ પેપર લીક ન થવાનું સઘન ચેકીંગ ક્યાં!

અમદાવાદ,તા.૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે એક યાદીમાં જણાવ્યું હતું કે યુજીસી નેટ પરીક્ષા માટે કુલ ૧૧ લાખ ૨૧ હજાર ૨૨૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને તેમાંથી ૮૧ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વિદ્યાર્થીઓ અધ્યાપક બનવાના લક્ષ્ય સાથે પરીક્ષા આપવા ગયા હતા. આ વિદ્યાર્થીઓ કે જેઓ પ્રાધ્યાપક બનવા માગતા હતા, રિસર્ચ કરવા માગતા હતા અને જુનિયર રિસર્ચ ફેલો બનીને રૂા.૩૫,૦૦૦ ની સહાય મેળવી દેશના વિકાસમાં યોગદાન આપવા માટે તત્પર હતા. ભારતના ભણતરમાં ૧૦+૨ (ધોરણ ૧૦ અને ૧૨) +૩/૪ (ગ્રેજ્યુશન) +૨ (માસ્ટર) કુલ ૧૮ વર્ષ ભણ્યા બાદ સર્વોચ્ચ ડીગ્રી લઈને જ **UGC - NET** ની પરીક્ષા માટે એલિજેબલ થવું શક્ય છે.

તાજેતરમાં તારીખ ૧૮ જૂનના રોજ લેવાયેલ યુજીસી નેટની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ખૂબ જ દૂર દૂર સેન્ટર ફાળવવામાં આવ્યા હતા અને આ વખતે ઓનલાઈનની જગ્યાએ પેન - પેપર દ્વારા કુલ બે ભાગમાં પહેલા ભાગમાં ૫૦ માર્ક્સ અને બીજા ભાગમાં ૧૦૦ માર્કની પરીક્ષા લેવાઈ હતી પરંતુ આશ્ચર્યની વચ્ચે એક જ દિવસમાં આ પરીક્ષાને રદ કરી દેવામાં આવી.

દેશનું સર્વોચ્ચ ભણેલું યુવા ધન કે જે દેશ માટે પોતાની કુશળતા અને યોગ્યતા સ્થાપિત કરી છે. તેઓએ પોતાનો અમૂલ્ય સમય આપીને પરીક્ષા આપી હતી પરંતુ તેમના પરીક્ષા આપવાના એક જ દિવસની અંદર પરીક્ષામાં ગેરનીતિ થયાના આરોપો વચ્ચે સમગ્ર પરીક્ષાને રદ કરી દેવામાં આવેલી છે. ઉપરોક્ત પરીક્ષા જુદા જુદા અલગ અલગ ૮૩ વિષય પર લેવાય છે અને તે વિષયના પણ અલગ અલગ પેપરો કાઢવામાં આવે છે આવા પ્રકારની ફૂલ પ્રૂફ પરીક્ષા પણ જો ગેરનીતિના આરોપોસર રદ કરવી પડતી હોય તો તેનો મતલબ એમ થયો કે ઉપરોક્ત પરીક્ષાની ગેરનીતિ માટે ખૂબ જ મોટું નેટવર્ક ચાલે છે અને આ નેટવર્ક કોઈપણ પ્રકારના રાજકીય શેહ વિના શક્ય જ નથી.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી આ સિવાય પણ ઘણી પરીક્ષાઓ લઈ રહી છે નીટની પરીક્ષામાં પણ આવા જ પ્રકારના આરોપો કરવામાં આવ્યા હતા અને નીટની પરીક્ષા પણ ફરીથી લેવામાં આવનાર છે. અને આમ જોવા જઈએ તો આ પ્રકારના ગેરનીતિ કરનાર લોકોના લીધે લાખો કરોડો વિદ્યાર્થીઓનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે અને આ ભાજપ સરકારની સૌથી મોટી નિષ્ફળતા છે. દેશમાં યુજીસી નેટની પરીક્ષા બે વાર લેવાય છે. જૂનમાં અને ડિસેમ્બરમાં જો હવે આ પરીક્ષા સીધી ડીસેમ્બરમાં લેવાનાર હોય તો કોમ્પિટિશન ખૂબ જ વધી જશે અને વિદ્યાર્થીઓને ખૂબ જ નુકસાન જવાનું છે અને હાલમાં ઘણી યુનિવર્સિટીઓમાં પીએચડી પ્રવેશ ચાલી રહ્યો છે કે જેમાં નવી શિક્ષણ નીતિ મુજબ યુજીસી નેટમાં મેળવેલ માર્કસના આધારે એડમિશન થનાર છે. આ સરકારી યુનિવર્સિટીઓએ પણ પીએચડીના એડમિશન માટે નવી નેટ પરીક્ષાનું રિઝલ્ટ ના આવે ત્યાં સુધી સમય મર્યાદા વધારવી જોઈએ અને નજીકના ભવિષ્યમાં જ આ પરીક્ષા ફરીથી લેવાવી જોઈએ. આ વખતે પણ પરીક્ષામાં વિદ્યાર્થીઓને જે કેન્દ્ર ફાળવવામાં આવ્યા હતા તે ખૂબ જ દૂર હતા અમદાવાદનું જ જો ઉદાહરણ લઈએ તો છેક કર્ણાવતી યુનિવર્સિટી ઉવારસદમાં સેન્ટર ફાળવવામાં આવ્યું હતું જે અમદાવાદમાં રહેતા સામાન્ય વિદ્યાર્થીઓને ૨૫ થી ૫૦ કિલોમીટર દૂર પડે છે આ સિવાય બહારગામથી પણ વિદ્યાર્થીઓનો નંબર અમદાવાદના સેન્ટરમાં આવ્યો હતો આમ વિદ્યાર્થીઓનો એક આખો દિવસ બગડ્યો હતો અને કેટલાક વિદ્યાર્થીઓ તો આગલી રાત્રે પણ આવી ગયા હતા. એક્ઝામ સેન્ટર પર વિદ્યાર્થીઓ જોડે અમાનુષી વર્તન થયું હતું જાણે તેઓ ચોર હોય તેમ બહેનોને સોનાની બુટ્ટી, ચુની, ચેન, બુટ, મોજા તથા ભાઈઓને વીંટી, ઘડિયાળ, બુટ,મોજા પણ પહેરીને સેન્ટરમાં પ્રવેશવા દીધા ન હતા. એક તરફ આટલી બધી કડકાઇ અને બીજી તરફ પેપર ફૂટવું એ ક્યાંનો ન્યાય?

કોંગ્રેસ માગણી કરે છે કે, યુજીસી નેટ પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓને એનટીએની નિષ્ક્રિયતાના ભોગે પેપરમાં ગેરરીતિ થઈ છે માટે વિદ્યાર્થીઓને તેના વળતરરૂપે ૧૦,૦૦૦ રૂપિયા ચૂકવવા જોઈએ અને હવે પછીની પરીક્ષા આપવા માટે પણ ટીએડીએની વ્યવસ્થા કરવી જોઈએ. આ પરીક્ષા આપ્યા બાદ જુનિયર રિસર્ચ ફેલો તરીકે વિદ્યાર્થીઓને રૂા.૩૫,૦૦૦ માસિક સરકાર ચૂકવે છે તો તે નુકસાન પણ નવી પરીક્ષામાં ક્વોલિફાઇડ થાય તે વિદ્યાર્થીઓને જૂની પરીક્ષા મહિના પ્રમાણે ચૂકવવું જોઈએ.

# વોર્ડ નં.૨માં બેફામ ગેરકાયદેસર બાંધકામો, રજૂઆત છતાં પગલા લેવાતા નથી

## મહાનગરપાલિકાના માર્કેટ સમિતિના પૂર્વ ચેરમેન અનિલ મકવાણાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકાના માર્કેટ સમિતિના પૂર્વ ચેરમેન અનિલભાઇ મકવાણાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યું છે કે, રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા લાંબા સમયથી નડતર રૂપ અને ઝીરો પાર્કિંગ એવા ગેરકાયદેસર બાંધકામો ટી.પી(તોડબાજ) શાખાના એમ.ડી.સાગઠિયા જેવા ભ્રષ્ટ અધિકારીઓના પાપે ચાલી રહ્યા હતા અને હાલમાં ચાલી રહ્યા છે. જેના પાપે રાજકોટ શહેરમાં ટી.આર પી ઝોનના અગ્નિકાંડના બનાવથી ૨૭ નિર્દોષ લોકોએ પોતાના જાનથી હાથ ધોવા પડયા હોવા છતાં રાજકોટ શહેરનું ટી.પી. (તોડબાજ) શાખા હજુ સુધી સુધરવાનું નામ લેતુ નથી.

રાજકોટ શહેરમાં વોર્ડનં ૨માં હજુ પણ અમુક ટી.પી.શાખાના ભ્રષ્ટ અધિકારીઓના પાપે બેફામ ગેરકાયદેસર બાંધકામ ચાલી રહ્યા છે. અવારનવાર રાજકોટ મહાનગર પાલિકાના કોલ સેન્ટરમાં ફરીયાદ, કમિશ્નરને લેખિતમાં રજુઆત ઈ-મેઈલના માધ્યમથી રજુઆત, તેમજ વોર્ડનં.૨ તેના જવાબદાર એટી.પી. જતિન પડયાને વોટસઅપના માધ્યમથી સચિત્ર ફોટા સાથે સરનામા સહિત ફરીયાદ કરવા છતાં હજુ સુધી ટી.પી.(તોડબાજ) શાખા દ્વારા કોઈપણ જાતના પગલા લેવામાં આવ્યા નથી ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટે તેમ ગેરકાયદેસર બાંધકામ કરનારઓ વિરુધ્ધ કાર્યવાહી કરવાને બદલે ફરીયાદ કરનાર ફરીયાદીની માહિતી ગેરકાયદેસર બાંધકામ કરનાર સુધી પહોંચાડી દેવામાં આવી રહ્યું હોય અમારી ઉપર જાન નુ જોખમ છે. તેમજ માત્ર ૨૬૦(૧). ૨૬૭મનાઈ હુકમ તેમજ ૨૬૦(૨) ની ફાયનલ ડીમોલેશનની નોટીસ બાપીને ગેરકાયદેસર બાંધકામ ધારકોને ડરાવી ધમકાવીને આર્થિક રીતે ખંખેરવાનું કામ ટી.પી.(તોડબાજ) શાખાના (બે) જવાબદાર અધિકારીઓ કરી રહ્યા છે. તેવો આક્ષેપ કર્યો છે. આર.ટી. ખાઈ હેઠળ ગેરકાયદેસર બાંધકામો વિરૂધ્ધ શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી પણ અરજદારોને આપવામાં આવતી નથી.

ગેરકાયદેસર બાંધકામો કરનારાઓ જેટલી જવાબદારી આર્કિટેક્ટસની જવાબદારી હોવા છતાં માત્ર આર્કિટેકસને પણ કારણદર્શક નોટીસ આપવામાં આવે છે. તેમજ અગાઉ પણ પુર્વ મ્યુનિસિપલ કમિશ્નર આનંદ પટેલ દ્વારા પણ ગેરકાયદેસર બાંધકામ માટે આર્કિટેકસની જવાબદારી ફિકસ કરવા તેમજ લાયસન્સ રદ કરવાની જાહેરાત કરી હોવા છતાં હજુ સુધી એક પણ આર્કિટેકસનું લાયન્સ રદ કરવામાં આવેલ નથી વધુ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા આર્કિટેકસને ગેરકાયદેસર બાધકામમાં કારણદર્શક નોટીસ આપવામાં આવી અને કેટલાના લાયન્સ રદ કરવામાં આવ્યા તેની માહિતી આર.ટી.આઈ (ITI) માંગવા છતાં ટી.પી(તોડબાજ) શાખા દ્વારા હજુ સુધી તેની માહિતી અમો અરજદારને આપવામાં આવતી નથી તે શંકાસ્પદ બાબત છે. શા માટે માહિતી આપવામાં આવતી નથી તે પણ એક તપાસનો વિષય છે. તેની પણ તપાસ થવી જોઈએ.

વોર્ડન ૨માં ચાલતા ગેરકાયદેસર બાંધકામોની યાદી આપી રહયો છું આપવા છતા એક પણ ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ પગલા લેવામાં આવેલ નથી જે શંકાસ્પદ બાબત છે. તેની પણ તપાસ થવી જોઈએ શા માટે ? કયા અકળ કારણોસર ? કેમ ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ પગલા લેવામાં આવતા નથી તેની પણ વિજીલન્સ તપાસ થવી જોઈએ

અંતમાં હજુ પણ ટી.પી શાખામાં ફરજ બજાવતા એક જ વોર્ડમાં લાંબા સમયથી ચીપકી રહેલા લાચીયા ભ્રષ્ટ કર્મચારી વિરૂધ્ધ આવક કરતા વધુ સંપતિ ધરાવવા બદલ લાંચરૂશવત વિરોધી બ્યુરો દ્વારા તપાસ કરવામાં આવે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી લાગણી અને માંગણી છે.

## મહાનગરપાલિકા દ્વારા આયોજીત યોગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા ડો.વલ્લભ કથીરિયા



રાજકોટ : વિશ્વ યોગ દિવસ નિમિતે રાજકોટમાં યોગ કાર્યક્રમમાં ભારત સરકારના પૂર્વ કેન્દ્રિય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન ડો.વલ્લભભાઇ કથીરિયા ઉપસ્થિત રહયા હતા.

# ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં નિઃશુલ્ક આયુર્વેદિક સર્વરોગ નિદાન-સારવાર કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવાસંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિરમાં તબીબી સહાય અંતર્ગત તા.૨૩ જૂન ને રવિવારે સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી નિઃશુલ્ક સર્વરોગ નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરેલછે. ગ્લોબલ આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી આયોજિત આ નિદાન કેમ્પમાં નિષ્ણાત આયુર્વેદિક વૈદ્યરાજ દિશિતા પડિઆ, વૈદ્ય પ્રકૃતિ ગરઘરીયા, વૈદ્ય દિવ્ય ભાલોડી, વૈદ્ય સ્નેહલ પટેલ વૈદ્ય કેયૂરી ચોલેરા, વૈદ્ય અંજનાબેન વગેરે તબીબો સેવા આપશે. આ કેમ્પમાં પંચકર્મ વિભાગ અંતર્ગત હ્રદયરોગ ગ્રહણી, હાઇપોથાઈરોડીઝમ, વિટામિન **B**-૧૨ની ઉણપથી થતાં રોગ મધુમેહ,પોસ્ટ કોવિડ બીમારીઓ. કિડનીના દર્દો શાલક્યતંત્ર વિભાગ અંતર્ગત આંખે ધૂંધળું દેખાવું,કાનના દર્દો, આંખના પોપચામાં સોજા,શરદી,નકમાથી પાણી પડવું, મોઢામાં ચાંદી પડવી,દાંતજડબાના, વાળના રોગ શલ્યતંત્ર અંતર્ગત બી.પી પ્રોસ્ટેટ તથા મૂત્રાશયના રોગ, સારણગાંઠ, મધુમેહજન્ય ચાંદા, સ્વસ્થવૃત્ત અંતર્ગત વ્યસન મુક્તિ, રસાયનકર્મ, લાઈફસ્ટાઈલ મેડિફિકેશન પ્રોગ્રામ કૌમારભૃત્ય વિભાગ અંતર્ગત સેરેબલ ફાલસી, પક્ષઘાત, ઓટીઝમ, કૃમિ, શ્વાસ, ખાંસી, પાચનના દર્દો, સ્ત્રીરોગ વિભાગ અંતર્ગત માસિક ને લગતી સમસ્યાઓ, અંડાશયની ગાંઠ,મેનોપોઝની સમસ્યાઓ વગેરેના દર્દીઓને તપાસ કરી, દર્દનું નિદાન કરીને વિના મૂલ્યે દવાઓ આપવામાં આવશે. આ નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પનો લાભ લેવા ઈચ્છતા સર્વેને રવિવાર તા.૨૩ જૂનના રોજ સવારે ૯-૦૦ કલાકે જંકશન પ્લોટ, પોલીસ ચોકી પાસે ગીતા વિદ્યાલય ટ્રસ્ટનાં નિદાન કક્ષમાં ઉપસ્થિત રહેવાનું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

## રકતદાન કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : સ્વ.વિમલભાઇ રમેશભાઇ પરમારના જન્મદિન નિમિતે તા.૨૯/૬ને શનિવારે સવારે ૮:૩૦ થી ૧:૩૦ સુધી ભોજલરામ કોમ્યુનીટી હોલ, ત્રિવેણી ગેટની સામે , સંતકબીર રોડ ખાતે રાખેલ છે.

# રાજુલાના ડુંગર ગામે એસબીઆઇ બેન્કની કામગીરીમાં ઠાગાઠૈયા




(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા,તા.૨૧

રાજુલા તાલુકાના ડુંગર ગામે એસબીઆઇ બેન્કની કામગીરીમાં ઠાગાઠૈયા જોવા મળી રહ્યાં છે. અહીં બેન્કમાં છેલ્લા ચાર મહિના ઉપરાંતથી એટીએમ મશીન બંધ હાલતમા પડેલ છે. જેથી બેન્કના ગ્રાહકો હેરાન પરેશાન થઇ રહ્યા છે. ત્યારે એટીએમ મશીન શરૂ થશે ખરા ? કે પછી સોભાના ગાંઠીયા સમાન જ રેહશે. ત્યારે હવે એટીએમ મશીન શરૂ કરાવા લોકોની માંગ ઉઠી છે. બીજીતરફ બેન્કના કર્મચારીઓ દ્વારા ગ્રાહકોને સંતોષકારક જવાબ આપવામા આવતો નથી તેમજ ગ્રાહકોને પોતાની કામગીરી માટે વારંવાર ધક્કાઓ ખવડાવવામાં આવી રહ્યા છે. જેથી બેન્કના કર્મચારીઓ ગ્રાહકો સાથે મનમાની કરતા હોવાને કારણે ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અને કોઈપણ લોકોને બેન્કમાં પોતાનુ નવુ એકાઉન્ટ ખોલવા માટે ૧૫ દિવસ રાહ જોવી પડે છે તેવી આ બેન્કમાં કફોડી સ્થિતિ બની છે. ત્યારે એસબીઆઇ શાખાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ડુંગર એસબીઆઇ બેન્કમાં નિષ્ફળ કામગીરીમાં થતી હોવાથી યોગ્ય તપાસ કરી ગ્રાહકોને મુશ્કેલીઓ ન પડે તે માટે યોગ્ય નિરાકરણ કરવુ જરૂરી બન્યુ છે.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા એક પેડ માં કે નામ અંતર્ગત ૨ લાખ કરતા વધુ વૃક્ષારોપણનું અભિયાન




(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

રાજકોટ જીલ્લા ભાજપ કમલમ ખાતે રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં અને રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભાની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપના હોદેદારો, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, મંડલના પ્રભારીઓ, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા સોશ્યલ મીડિયા, આઈ.ટી તેમજ પ્રેસ મીડિયાના કન્વીનર,સહ-કન્વીનરની ઉપસ્થિતિમાં આગામી કાર્યક્રમો તા.૨૩ જુન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ, તા.૨૩ જુનથી ૬ જુલાઈ દરમ્યાન તમામ બુથ પર એક પેડ,માં કે નામવૃક્ષારોપણ કાર્યક્રમ તેમજ સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, પ્લાસ્ટિક મુક્ત અભિયાન અને સાથે સાથે રક્તદાન કેમ્પ, આયોજન કરવામાં આવેલ છે.

આ સમગ્ર બેઠકનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું હતું તેમજ રાજકોટ જીલ્લા સંગઠનની ટીમની કામગીરીને એક વર્ષ પૂર્ણ થતા સફળતા અને સિદ્ધિઓ બિરદાવી કાર્યકરોને અભિનંદન પાઠવી આગામી કાર્યક્રમોને કેમ વધુ સફળ બનાવવા તે અંગે માહિતી અને માર્ગદર્શન જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા અને આભારવિધિ જીલ્લા મહામંત્રી હરેશભાઈ હેરભાએ કરી હતી. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# પટેલ પ્રગતિ મંડળના નવા પ્રમુખ તરીકે નંદલાલ માંડવીયાની અને ઉપપ્રમુખ તરીકે સંજય કનેરીયાની વરણી

## પટેલ સેવા સમાજ, પટેલ પ્રગતિ મંડળ અને ઉમિયા માતાજી સંસ્થાન-રાજકોટની સાધારણ સભા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

પટેલ સેવા સમાજ શ્રી પટેલ પ્રગતિ મંડળ અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-રાજકોટની સાધારણ સભા ત્રણેય ટ્રસ્ટના પ્રમુખ અરવિંદભાઈ પટેલ (ફિલ્ડમાર્શલ)ની આગેવાનીમાં તા.૧૯/૦૬ના રોજ સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે યોજાઈ ગઈ.આ સાધારણ સભામાં સભાની શરૂઆતમાં પટેલ સેવા સમાજના કારોબારી સભ્ય ડેનીશભાઈ કાલરીયાએ સૌનું શબ્દો થી સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ પટેલ સેવા સમાજ ના ટ્રસ્ટી રમેશભાઈ ઘોડાસરાએ જણાવ્યું હતું કે ત્રણે સંસ્થાએ મળીને વર્ષ દરમ્યાન કુલ પર એટલે કે દર અઠવાડિયે એક કાર્યક્રમ યોજવાનો લક્ષ્ય ગત વર્ષમાં પરિપૂર્ણ કર્યો હતો. ત્રણેય ટ્રસ્ટના પ્રમુખ તરીકેની જવાબદારી અરવિંદભાઈ પટેલે બહુ જ સુંદર રીતે નિભાવી રહ્યા હતા.પરંતુ શ્રી ઉમિયા માતાજીના મંદિરનું નિર્માણ કાર્ય ટૂંક સમયમાં શરૂ થવાનું હોવાથી તેમા વધારે સમય ફાળવી શકે તે હેતુથી ત્રણેય ટ્રસ્ટના સક્રિય ટ્રસ્ટી અને સમાજના દરેક કાર્ય માટે સદા તત્પર એવા નંદલાલભાઈ માંડવીયાને પટેલ પ્રગતિ મંડળના પ્રમુખ તરીકે અને સંજયભાઈ કનેરીયાને ઉપપ્રમુખ તરીકે નવ નિયુક્તિ કરવામાં આવ્યા. અરવિંદભાઈ પટેલ દ્વારા સાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું. અરવિંદભાઈ પટેલની પ્રમુખ તરીકેની અને અશોકભાઈ કાલાવડીયાની ઉપપ્રમુખ તરીકેની સેવા બદલ અભાર માનવામાં આવ્યો. પટેલ સેવા સમાજની સાધારણ સભા શરૂ કરતા પહેલા પટેલ સેવા સમાજ દ્વારા ૪૧-ન્યુ જાગનાથ ખાતે નવનિર્મિત નરશીભાઈ ધરમશીભાઈ કણસાગરા અતિથિ ભવન અને જીવનભાઈ ગોરધનભાઈ ગોવાણી વર્કિંગ વિમેન હોસ્ટેલ અંગેની સુંદર માહિતી શ્રી પટેલ પ્રગતિ મંડળના ટ્રસ્ટી પ્રફુલભાઈ સાપરીયા એ આપી હતી. સરકાર દ્વારા જશવંતપૂર ખાતે શ્રી ઉમિયા માતાજીનું મંદિર નિર્માણ થનાર છે તેની સામે ૪૦,૦૦૦ સ્કેવર મીટર જગ્યા સરકાર દ્વારા કમિટી દ્વારા નક્કી થયેલ કિંમતના ૫૦%લેખે ફાળવી આપતા ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો અભાર વ્યક્ત કરતો અભાર પ્રસ્તાવ સંસ્થાના કારોબારી સભ્ય નિલયભાઈ ડેડાણીયાએ રજુ કર્યો હતો.અને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. પટેલ સેવા સમાજમાં મહિલા ટ્રસ્ટી તરીકે કિરણબેન માકડીયા અને હર્ષાબેન કાલરીયા જોડાયા હતા. તેમનું સન્માન શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના સ્થાપક ટ્રસ્ટી ઈલાબેન માંડવીયા અને કીનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-રાજકોટની સાધારણ સભામાં જણાવવામાં આવ્યું હતું કે ટુંક સમયમાં મંદિરનું નિર્માણ કાર્ય શરુ કરવામાં આવશે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ના સ્થાપક ટ્રસ્ટી તરીકે (૧) કેવલભાઈ સૂર્યકાન્તભાઈ ભાલોડીયા, (૨) પ્રદિપભાઈ કાંતીભાઈ પટેલ અને ટ્રસ્ટી તરીકે (૧) રમેશભાઈ મોહનભાઈ કણસાગરા જોડાયા હતા.જેમનુ સન્માન બેસ ઓઢાડીને સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.શ્રી પટેલ પ્રગતિ મંડળના નવા વરાયેલ પ્રમુખ અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના ઉપપ્રમુખ એવા નંદલાલભાઈ માંડવીયાએ ત્રણેય ટ્રસ્ટના આવનારા વર્ષે થનાર કાર્યક્રમોની ટૂંકમાં વિગતો આપી હતી. કાર્યક્રમના અંતમાં અભારવિધિ પટેલ સેવા સમાજના મંત્રી કિશોરભાઈ ઘોડાસરા દ્વારા કરવામાં આવી હતી.ત્રણેય સંસ્થાના આવક-જાવકની સંપૂર્ણ માહિતી રશેષભાઈ બુચે સુંદર રીતે આપી હતી. આ સાધારણ સભામાં રક્તદાનનું પણ આયોજન કરેલ જેમાં ૫૩ બોટલ રક્ત થયેલ હતું.આ કાર્યક્રમના ત્રણેય સંસ્થાના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને આજીવન સભ્યો હાજર રહ્યા હતા.





# શ્રીનાથજી ડેરી ફાર્મમાંથી વાસી અખાદ્ય મીઠાઈ ૫ કિલો નાશ

## ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૧૯ ધંધાર્થિઓની ચકાસણી કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન પુનિતનગર મેઈન રોડ, બજરંગવાડી, રાજકોટ મુકામે આવેલ શ્રીનાથજી ડેરી ફાર્મની તપાસ કરતા પેઢીમાં સંગ્રહ કરેલ વાસી અખાદ્ય મીઠાઈ ૫ કી.ગ્રા. સ્થળ પર નાશ કરવામાં આવેલ તથા પેઢીને યોગ્ય સ્ટોરેજ,





હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ સ્થળ પર દર્શાવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન તીર્થ એપાર્ટમેન્ટ, ૮૦ ફૂટ રોડ, જૂનો મોરબી રોડ, રાજકોટ મુકામે આવેલ ગાયત્રી મદ્રાસ કાફેની તપાસ કરતા પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા ન્યૂસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન પુષ્કરધામ રોડ, રાજકોટ મુકામે આવેલ ફૂડ હોલીડે, ૫૫ કાફેની તપાસ કરતા પેઢીને યોગ્ય સ્ટોરેજ, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ સ્થળ પર દર્શાવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના મુંજકા ગામ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૧ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

(૦૧) રામકુષ્ણ પ્રોવિઝન સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)અમૃતમ પ્રોવિઝન સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)શિવ કોલ્ડ્રિંક્સ - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)જય જલારામ નાસ્તા ગૃહ - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)માં ભગવતી ફરસાણ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)શિવકૃપા રસ સેન્ટર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)શ્રી દેવ ચામુંડા પાણીપૂરી -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)બંસીધર લાઈવ પફ - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૯)દ્વારકાધીશ હોટલ - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૦)રોનક મદ્રાસ કાફે - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૧૧)રોનક પાન કોલ્ડ્રિંક્સ - લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

(૧૨)ઓમ કોલ્ડ્રિંક્સ (૧૩)ક્રિષ્ના અમુલ પાર્લર (૧૪)ક્રિષ્ના પ્રોવિઝન સ્ટોર (૧૫)સ્વીટ ડિલાઈટ બેકરી (૧૬)ગાત્રાડ ફ્લોર મિલ (૧૭)ગાત્રાડ કોલ્ડ્રિંક્સ (૧૮)ગાત્રાડ જનરલ સ્ટોર (૧૯)ગાત્રાડ ડેરી ફાર્મની ચકાસણી કરવામાં આવેલ.

# શહેરીજનોને યોગ દિવસની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને યોગ દિવસની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે યોગ એ એક પ્રાચીન શારિરીક માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર આપણો ભારત દેશ છે, તેનો આપણને ગર્વ છે. યોગ એ સંસ્કૃત શબ્દ છે, જેનો અર્થ જોડાણ કરવું એમ થાય છે. યોગ એ શરીર અને આત્માના જોડાણનો પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રીયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ એ સદીઓની ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. હિંદુ, બૌધ્ધ અને જૈન ધર્મમાં યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવેલ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ જૂન, ૨૦૧૫ના રોજ વિશ્વભરમાં સંપ અને શાંતિ માટે યોગ થીમ પર પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું ઉદઘાટન કર્યું હતું.૨૧મી જૂનનો દિવસ એ ઉતરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ છે. અને આ જ કારણે પ્રધાનમંત્રી મોદીએ ૨૧ મી જૂનને વિશ્વ યોગ દિવસ મનાવવા માટે સૂચન કર્યુ અને વિશ્વને ભારતની ભેટ એવા યોગનું મહત્વ સમજી વિશ્વએ સહર્ષ સ્વીકારી લીધુ. ત્યારે આપણે ત્યાં સૂર્ય એ સૌથી પહેલો ઉર્જાનો સ્ત્રોત રહયો છે, અને યોગ એટલે આપણી ઉર્જાને ઊર્ધ્વગામી બનાવવી ત્યારેજ્યોગ એ તે ફક્ત કસરત ન રહેતા આપણા અંતઃઅકરણથી વિશ્વ અને પ્રકૃતિ સાથે એકરૂપતા કેળવવાનું એક માધ્યમ છે.

યોગ એ આપણી જીવનશૈલીમાં બદલવા લાવી જાગૃત્તતા ઉત્પન્ન કરશે. તે આપણને આબોહવા પરિવર્તન સાથે લડવામાં મદદ કરી શકે છે. યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર વિશ્વના ઘણા રાજનેતાઓ અને મોટી નામી હસ્તિઓએ સહકાર આપ્યો છે. વૈશ્વિક સ્તરે યોગ અંગે લોકોની જાગૃતતા વધારવા ઘણી બધી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, જેમાં યોગ તાલીમ કેંદ્રો યોગ સ્પર્ધાઓ અને ઘણી વધી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. યોગની જીવન દ્રષ્ટિ આપણને જીવનનું સંતુલન આપે છે. અશાંત મનને શાંત પૂર્ણ બનાવે છે. વ્યક્તિ પોતાના આત્માની શોધ યોગનીજીવન દ્રષ્ટિ દ્વારા કરી શકે છે. યોગથી માનવીના શરીર, પ્રાણ, મન, બુધ્ધિ અને આત્માનો પૂર્ણ વિકાસ થાય છે. યોગથી શરીરનું આંતરબાહય શુધ્ધિકરણ થાય છે. શ્વાસોશ્વાસના નિયમન દ્વારા પ્રાણનું પણ નિયમન થાય છે. આ નિયમન શરીરમાં રહેલી પ્રાણ શક્તિનું સંતુલન કરે છે. યોગ એ આપણા મનને એકાગ્ર,દૃઢ અને સર્જનશીલ બનાવે છે. યોગ જીવનદ્રષ્ટિ છે જેનાથી માનવમાં વ્યક્તિગત અને સામાજિક સદગુણો પ્રગટે છે અને વ્યક્તિ સદાચારી અને આત્મસંયમી બને છે, આમ યોગની આ જીવનદ્રષ્ટિ આખી દુનિયાને ભારતએ આપેલું નજરાણું છે.

આમ યોગ એ આપણા જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી આપણા સુખી જીવનના સ્તરને સુધારવાનું કાર્ય કરે છે. તેમ અંતમાં શહેરીજનોને યોગ દિવસની શુભેચ્છા પાઠવતા રાજકોટ વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું.

# ટેકાના ભાવ ખેડૂતોને વાવેતરનુ પ્લાનીંગ કરવા મદદરૂપ થશે : ચેતન રામાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણી યાદીમાં જણાવ્યું છે કે, આપણા રાષ્ટ્ર ભારત જ્યારે ખેતી પ્રાધાન્ય દેશ છે તેમજ કરોડો ખેડૂતો જ્યારે ખેતી પર નિર્ભર છે ત્યારે દેશની અર્થવ્યવસ્થામાં પણ ખેતીનુ એટલુ જ મહત્વનુ યોગદાન છે ત્યારે કેટલાક મહત્વના નિર્ણયો પણ ખેડૂતો તેમજ ખેતીને ધ્યાનમાં રાખીને લેવાતા હોય છે એવામાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ્યારે કેન્દ્રમાં ત્રીજી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય ત્યારે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી સમયાંતરે વિકાસને વેગવંતો રાખવા હરહંમેશ સરકાર પ્રયત્નશીલ રહી છે, ખેડૂતોને સરકારે ૧૨/૧૨ કલાકની વિજળીની સુવિધાઓ આપી પાકોને પુરતુ પાણી મળે તે માટે હરહંમેશ



પ્રયત્ન કર્યા છે, નર્મદા ડેમ જેવી ડેમો જે ૪ રાજય ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રને પાણી પુરૂ પાડવા સક્ષમ છે અને જે ગુજરાતની જીવાદોરી કહેવામાં આવે છે તેવી ડેમો દ્વાર દરેક ગામડાઓની નદીઓ તેમજ કેનાલોમાં પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડવા સરકાર સફળ રહી છે જે કાબીલેદાદ છે, સાથે અનેક ખેતી લાયક ઓઝારો, ટ્રેકટરો માટે સબસીડી આપવા પણ સરકાર હરહંમેશ કટીબધ્ધ રહી છે અને જગતના તાતની પડખે ઉભી જોવા મડી છે ત્યારે ખેડૂતોની વહારે રહેતી મોદી સરકારે ખરીફ પાકો માટે ટેકાના ભાવ જાહેર કર્યા છે તે બદલ શુભેચ્છાઓ સહ અભીનંદન પાઠવુ છુ.

નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ ના ખરીફ પાક માટે ટેકાના ભાવમાં વધારાને મંજુરી આપવામાં આવી હતી તેનો ફાયદો એ થશ કે, ખેડુતોને તેમના પાકોમાં પોષણક્ષમ ભાવ મળશે તેમજ સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવમાં વધારો કર્યો તે ખેડૂતોને વાવેતર કરવા માટે આગોતરું આયોજન કરવા મદદરૂપ થશે તેમજ પુરા ભાવ મળવાની ખાત્રીને કારણે ખેડુતો આ પાક ઉગાડવા માટે પ્રયાસ કરશે. સરકારે તમામ સ્ટેટસટીકને ધ્યાનમાં રાખી સમયસર ટેકાના ભાવ જાહેર કર્યાં તે બિરદાવા લાયક છે તે બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને તેમજ ગુજરાત રાજય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલનો હ્રદયપૂર્વક આભાર વ્યકત કરૂ છુ.

# વારસાહક

ઉનાળાની ઢળતી સાંજે અમે હમઉમ્ર સખીઓ ગોલ્ફ કોર્સ પર શીતળ પવન માણતા બેઠા હતા. અહીંની ત્યાંની વાતો જેમ કે બાળકોની, સાંજની રસોઈ, હવામાન, નેક્સ્ટ ટ્રીપ ક્યાં પ્લાન કરવાની છે.. એવા અલક મલકના ગપાટા ચાલ્યા હતા પણ અર્ચના ચૂપચાપ હતી. ક્યાંક વિચારોમાં ખોવાયેલી દેખાતી હતી તેથી મેં તેને પૂછ્યું કે શું થયું? કંઈક અજુગતું, અણગમતું એવું તારી જિંદગીમાં, મનમાં ચાલતું હોય એવું દેખાય છે. થોડી આનાકાની પછી તે બોલતી થઈ અને મનનો બળાપો અમારી સામે ઠાલવ્યો.

અર્ચનાઃ શું કહું? આમ તો આ બહુ જ પર્સનલ અને કૌટુંબિક વાત છે. મને તમારી સામે કહેતા પણ ખચકાટ થાય છે પણ તે છતા..જો ને આ ૬૦ ની એજમાં આમ તો આપણે વેલસેટલ હોઈએ છીએ. બાળકો ભણી ગણીને, પરણીને કામ ધંધે લાગી ગયા હોય છે. હા, મા બાપની જોડી વિખેરાઈ ગઈ હોવાથી આપણા પર તેમની જવાબદારી હોય છે. તે છતાં તેમના અને મોટા થયેલા બાળકો વચ્ચે બેલેન્સ કરીને આપણી પોતાની જિંદગી પણ (રિટાયરમેન્ટ) માણતા હોઈએ છીએ. વળી સંસારમાં છીએ તો બીજા પણ નાના મોટા પ્રોબ્લેમ ફેસ કરવા પડે છે જેમ કે..



પુનમ શાહ

મારા મા બાપનો બંગલો ૩-૪ વર્ષ પહેલા વેચાયો. અફકોર્સ અમે વારસદાર ભાઈ બહેન ની સહીથી બધું થયું. મેં બહેન તરીકે વિચાર્યુ કે પપ્પાની પ્રોપર્ટી થોડા ઓછા વધારે ભાવે વેચાય અને આપણા બેઉના ભાગે બે પાંચ લાખ ઓછા આવે તોય ચાલે. કેમ કે તો ભાઈના માથેથી એટલી જવાબદારી ઓછી થઈ જાય. એટલે કોરોનાના થર્ડ વેવમાં પણ સાઈન કરવા દોડી ગઈ. ત્રણ ચાર વર્ષ વીત્યા છતાં ભાઈએ સામેથી બંગલાના આવેલા પૈસા મને આપ્યા નહીં. મે ધીરજ રાખી. મારા ઘરમાં બધાને એમ થતું હતું કે બીજા બધા ખર્ચા થતા રહે છે.. જેમ કે બાળકોના લગ્નમાં અધધધ.. ખર્ચા, સાસરે ગયેલી દીકરીને ભરપૂર આપ લે, હરવું ફરવું, દેવધરમ, સોશિયલ સ્ટાન્ડર્ડ મેન્ટેન કરવા માટેના ખર્ચા બધું જ બરાબર થાય છે તો તારા ભાગના પૈસા કેમ નથી છૂટતા?

પોતાના નહીં પણ બાપાએ કમાવેલા અને કરકસરથી બચાવેલા, મરતા સુધી બધું બંને સરખે ભાગે વહેંચી લે એવી ઈચ્છા ધરાવતા, ઉપરથી કાયદાનુસાર વારસાહકમાં દીકરીને પણ સરખો ભાગ મળવો જ જોઈએ એવું જાણતા હોવા છતાં જ્યારે બહેનને સંપત્તિનો ભાગ આપવાનો વખત આવે ત્યારે ભાઈઓના પેટમાં કેમ ચુંક ઉપડતી હશે? પાછું આપણને સાંભળવું પડે કે કંઈ મેચોરીટી જેવું છે કે નહીં? તને શું ઓછું છે? પણ એક આંગળી જ્યારે એમ કહે છે કે તને શું ઓછું છે ત્યારે બીજી ચાર આંગળીઓ એને પૂછતી હોય છે કે તો તને શું ઓછુ છે? પાછું કહે કેમ અમે આટલા દિવસ મા-બાપને રાખ્યા એમના દવા પાણી કર્યા.. તો સામે તમે (ભાઈ) મા બાપના ઘરમાં એમના બંગલામાં આટલા વર્ષો રહ્યા. હું થોડી રહેવા આવી હતી. અને વડીલ માણસ અમારી પાસે હોય ત્યારે અમે પણ કંઈ માંદા પડ્યા રહેવા નથી દેતા,લઈ જઈએ છે ડોક્ટર પાસે..

એ જ જો.. બે બહેનો હોય તો લગભગ આપસમાં સમજીને બધું વહેંચી લેતી હોય છે. બે ભાઈઓ હોય તો થોડી ઘણી ખેંચાતાણી પછી તારું મારું કરીને વહેંચી લેતા હોય છે. પણ જ્યારે ભાઈ બહેનમાં વારસાધન વહેંચણી આવે ત્યારે મોટાભાગના ભાઈઓ ચૂપચાપ બધું સેરવી લેતા હોય છે કાં તો થોડું ઘણું આપીને બેનનું મોઢું બંધ કરી દે છે. સમાજ અને સંબંધ ન બગાડવાના વિચારથી ઘણી ખરી બહેનો ગમે તેટલી ભણેલી ગણેલી અને નારીવાદી હોય તોય ચૂપચાપ મન મારીને બેસી જાય છે. પાછું સમાજમાં, ઘરમાં સ્ત્રીની પહેલી દુશ્મન સ્ત્રી હોય છે. જો ભોજાઈને વારસામાં કાંઈ મળ્યું ન હોય તો તે આમાં જરાય સાથ ન આપે અને જો તેને પિયરથી વારસાહકમાં મળ્યું હોય તો 'તમ તમારે ભાઈ બેન જોઈ લો, આમાં મારે પડવું નથી' એવો 'નરો વા કુંજરો વા ' જેવો સ્ટેન્ડ લઈ લે છે.

જો કે આ મેન્ટાલીટી માટે ઘણા ફેક્ટર કામ કરી જાય છે. જો ભાઈ સિંગલ ફેમિલીમાં રહેતો હોય તો માત્ર પોતાના કુટુંબ અને બાળકોનું વિચારે છે. એ જ જો જોઈન્ટ ફેમિલીમાં રહેતો હોય તો પોતાના પિતરાઈ, કાકા-મામા વિશે વિચારવાનું જનમથી જોતા હોવાને કારણે તેની ગળથૂથી માં તે વણાઈ જાય છે. પાછું તમે કેટલા બ્રોડ માઈન્ડેડ છો, સ્ત્રી-દીકરીને કેટલો ઈક્વલ દરજ્જો આપો છો, ગામડામાં રહો છો કે શહેરમાં, તમારું મિત્ર વર્તુળ કેવા વિચારો ધરાવે છે.. તે બધા પર બહુ આધાર રાખે છે.

મને એમ થાય કે આવી માનસિકતા ધરાવતા ઘરમાં મોટાઓનું શ્રાદ્ધ કરે, બ્રાહ્મણોને જમાડે કે જેથી તેમના આત્માને શાંતિ મળે (જે આ બધામાં માનતા હોય છે તે) તો પછી બાપા એ કેમ જોઈ શકે કે મારા બાળકોમાંથી એક જણ બીજા સાથે દગો કરી રહ્યો છે, એનો હક છીનવી રહ્યો છે! બિચારા જ્યાં હોય ત્યાં દુઃખી થતા હશે પણ..**Who cares?**

ખબર નહીં મેં મારી સાસરીમાં બહુ જ સરળ અને સ્પષ્ટ વ્યવહાર જોયા છે. મોટું કુટુંબ જેમાં દીકરીઓને સમાન દરજ્જો મળ્યો છે. સસરા હંમેશા કહેતા કે 'હકનું છોડવાનું નહીં ને મફતનું લેવાનું નહીં' આ મંત્ર મારી અને મારા ફેમિલીના નસે નસમાં ફરી વળ્યો છે. તેથી મારી સાથે અને મારા જેવી બીજી દીકરીઓ સાથે થતો અન્યાય મારાથી જોવાતો નથી. ખબર નહીં આ પુરુષ પ્રધાન સમાજ ક્યારે સુધરશે?

એનો બળાપો ઓછો થતો જ ન હતો તેથી મે એને બોલી લેવા દીધી પછી સમજાવી કે..

બસ હવે શાંત થઈ જા અને સાંભળ.. અહીં કરેલું અહીં જ ભોગવવાનું હોય છે. પાછું જેને કોઈ ન પહોંચે એને પોતાનું પેટ પહોંચી વળે છે. હમણાં એનો દીકરો જે જોશે એ જ ભવિષ્યમાં એની બેન સાથે કરશે. ત્યારે આપણે ફોટામાં બેસીને દુઃખી થવા સિવાય કંઈ નહીં કરી શકીએ. ગમે તેટલા પૈસા ભેગા કર્યા પછી પણ નસીબમાં હોય એટલા જ આપણે વાપરી શકીએ છીએ બીજા પૈસા ઘણા બધા કારણે હાથમાંથી છૂટી જાય છે જેમ કે માંદગી, ચોરી, કોક ડુબાડી જાય, રેડ પડે વગેરે.. તેથી સમયની સાથે તેને સદબુદ્ધિ આવશે, ન આવે તો વખત જતા તેને જ તેનું મન ખાશે કે તે વખતે મેં જે કર્યું એ બહુ ખોટું કર્યુ..

માટે જાગો બહેનો, જાગો દીકરીઓ..

# ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ઉનાળુ છાશ વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૫૮ વર્ષોથી બાળ સંસ્કાર કેન્દ્ર, ગીતા પ્રચાર, સંસ્કૃત પ્રચાર, સાર્વજનિક વાચનાલય, રાહત દરે નોટબુક વિતરણ નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પ જ્ઞાનયજ્ઞ, બાળમજુરી નાબુદી, વ્યસનમુક્તિ વગેરે સેવા પ્રવૃત્તિઓનું સંચાલન થાય છે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૭૩માં નિઃશુલ્ક ઉનાળુ છાશકેન્દ્રનો પ્રારંભ થયો હતો. છેલ્લા ૫૨ વર્ષોથી આ સંસ્થા દ્વારા ઉનાળામાં અઢી માસ સુધી છાશકેન્દ્રનું સંચાલન થાયછે. પ્રતિદિન ૨૦૦ જેટલા પરિવારોને (આશરે ૧૦૦૦ વ્યક્તિઓને) પરિવાર દીઠ સવા લીટર તાજી અને પૌષ્ટિક છાશનું નિઃશુલ્ક વિતરણ થાય છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ સેવાકાર્યમાં એક પણ પગારદાર વ્યક્તિ નથી. દહી જમાવવું દહીમાંથી છાશ બનાવવી, છાશનું વિતરણ કરવું. સફાઈ કરવી વગેરે કાર્યો સ્વયંસેવકો કરે છે. આ પાવન સેવાયજ્ઞમાં વિવિધ દાતાઓનો સહયોગ મળેલ છે. પોતાના સદ્ગત સ્વજનોની પૂણ્યસ્મૃતિમાં એક દિવસના છાશવિતરણની સેવા પણ ઉપલબ્ધ છે. છેલ્લા ૫૨ વર્ષોથી દર વર્ષે નિઃશુલ્ક છાશવિતરણ થતું હોય તેવા સૌરાષ્ટ્રના આ અજોડ સેવાયજ્ઞને પૂશ્રી હરિચરણદાસજી મહારાજના શુભાશિષ મળેલ છે. માનવસેવાની આ ઉમદા પ્રવૃત્તિ માટે આર્થિક સહયોગ આવકાર્ય છે. આ સંસ્થાને મળતું દાન આવકવેરાની કલમ ૮૦-G હેઠળ કરમુક્ત છે.સર્વે દાતાઓ શ્રેષ્ઠીઓ ભાવિકોને આ માનવ સેવાયજ્ઞમાં યથાશક્તિ સહકાર આપવા સંસ્થાએ હાર્દિક અનુરોધ કરેલ છે. જેને માટે જંકશન પ્લોટ પોલીસ ચોકી પાસે ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં રૂબરૂ અથવા મોબાઈલ નં. ૯૮૯૮૩૧૮૨૮૬ પર સંપર્ક કરવાનું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

# મહુવામાં સરકારી અનાજના ગોડાઉનમાં ૩.૨૦ લાખના અનાજની ચોરી

મહુવા,તા.૨૧: ભાવનગરના મહુવામાં ચોરીની એક મોટી ઘટના સામે આવતા આખા વિસ્તારમાં ચકચાર મચી જવા પામ્યો હતો, મહુવામાં આવેલ સરકારી અનાજના ગોડાઉનમાંથી ૩.૨૦ લાખના અનાજની ચોરી કરવામાં આવી છે અને ગુનો કરનાર વ્યક્તિ દ્વારા ગોડાઉનના સીસીટીવી કેમેરા પણ બંધ કરીને ગુનો આચરવામાં આવ્યો હતો. આ મામલે ગોડાઉન મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી છે જ્યારે પોલીસે ચોરીનો ગુનો નોંધી તે બાબતે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના બાબતે મળતી માહિતી મુજબ, ભાવનગર જીલ્લામાં મહુવા શહેરમાં સરકારી અનાજના ગોડાઉનમાંથી ઘઉં, ચોખાના ૩૪૫૦ કિલો ગ્રામના ૬૯ કટા હતા, જેની કિંમત ૧,૩૫,૨૪૦ રૂપિયા છે. ઘઉં ૬૨૫૦ કિલો ગ્રામ ૧૨૦ કટા હતા. જેની કિંમત ૧,૭૧,૨૫૦ રૂપિયા છે. ખાલી બારદાન નંગ ૧૯૪ કિંમત ૧૩,૬૬૮ રૂપિયા છે. કુલ કિંમત રૂપિયા ૩ લાખ ૨૦ હજાર રૂપિયા છે. ચોરી તા ૮/૬ રાત્રે ૮ કલાક થી તા ૯/૬ બપોરના ૨ કલાક દરમિયાન થવા પામેલ છે. જેના લીધે ગોડાઉન મેનેજરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને હાલ પોલીસ દ્વારા આ સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે.


અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com


## અવસાન નોંધ

સ્વ.મનીષાબેન રતિલાલભાઈ ધોરેચા (ઉ.વ.૬૨) તે તા.૧૯-૬ બુધવારના રોજ અવસાન થયેલ છે. તે રતિલાલભાઈ બચુભાઈના પત્ની તથા સુનિલ અને મિતલ જીજ્ઞેશકુમાર ધ્રાગધરીયાના માતા તે મીરલના દાદીમાં તે સ્વ.પરસોતમભાઈ ભવાનભાઈ વડગામાની દીકરી (ખાખડા બેલાવાળા) સદ્ગતનું બેસણું તા.૨૧-૬ શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી તેમના નિવાસસ્થાને ગામ જાયવા રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે. સુનિલ (પુત્ર) ૯૭૩૭૨૪૬૧૪૧ કિશોરભાઈ વડગામા ૮૪૩૩૫ ૫૪૭૮૪

અમરેલી : ચંદુલાલ મથુરદાસ મોરજરીયા (શિવ ધારી વાળા) ના પત્ની જશુબેન (ઉ.વ. ૭૫) તે મનીષભાઈ, ભાવેશભાઈ, મુનાભાઈના માતાનું તા. ૨૦ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું/સાદડી તા.૨૧ને શુક્રવાર સાંજના ૪:૩૦ થી ૫:૩૦ પટેલવાડી , ગજેરાપરા અમરેલી ખાતે રાખેલ છે.

અમરેલી : સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ અમરેલી જિલ્લાના કરિયાણાના ડો. રવિભાઈ મહેતા અને રંજનબેનના પુત્રવધુ તથા હરિશંકર રવિશંકર મહેતાના પત્ની હર્ષાબેન હરેશભાઈ મહેતા (ઉ.વ.૫૭) હાલ અમરેલી તે ભરતભાઈ આર.મહેતા (એડવોકેટ) અને હિતેશભાઈ આર. મહેતાના મોટા ભાભી તથા મયુર હરેશભાઈ મહેતા (પોદાર સ્કૂલ રાજકોટ) અને ઝરણાં દેવ જોશીના માતા તેમજ કેયુર મહેતા (અંજાર), હરિઓમ મહેતા, જાહ્નવી મહેતા (જિલ્લા પંચાયત-અમરેલી)ના ભાભુ તથા ક્ષમાબેન ભરતભાઈ મહેતા અને પ્રતિક્ષાબેન હિતેશભાઈ મહેતાના જેઠાણીનુ તા.૨૦ ના અવસાન થયેલ છે. સ્મશાનયાત્રા તા.૨૧ને શુક્રવારે સવારે ૮ કલાકે જાહનવી, ખોડિયાર નગર-૧૪, બ્રાહ્મણ સોસાયટી, દીકરાના ઘરપાછળથી નીકળીને કૈલાસ મુકિતધામ-કેરિયા રોડ અમરેલી ખાતે જશે. સદગતનું બેસણું તા. ૨૨ ને શનિવારે સાંજે ૪ થી ૬-૩૦ સુધી શ્રી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ, અમરેલી ખાતે રાખેલ છે.

## મોટી પાનેલી શ્રી સરસ્વતી ધામ શાળામાં યોગ દિનની ઉજવણી



(અતુલ ચગ દ્વારા)

પાનેલી મોટી : ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામમા આજે વિશ્વ યોગદિન નિમિતે અત્રેની શ્રી સરસ્વતી ધામ શાળામાં શાનદાર ઉજવણી કરવામાં આવેલ જેમાં શાળાના બાળકોએ વિવિધ યોગના દાવ મુદ્રા સાથે કસરત કરી યોગદિન ઉજવણીને સાર્થક કરેલ કાર્યક્રમમાં ગામના વરિષ્ઠ નાગરિકો સાથે ગામ આગેવાનો પ્રબુદ્ધ વડીલો પણ જોડાઈ યોગદિનની ઉજવણીમાં ભાગ લીધો હતો તમામ આયોજન શાળાના શિક્ષિકા બહેનો દ્વારા કરવામાં આવેલ જે બદલ શાળા સંચાલકએ તમામ સ્ટાફ સહીત બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## અમરેલીનાં ગજેરાપરાનાં રહેવાસીઓ ગંદકીથી પરેશાન

### ગજેરાપરાનાં રહેવાસીઓએ હિંમતભેર ગંદકી સામે અવાજ ઉઠાવી આવેદનપત્ર પાઠવ્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૧: અમરેલી શહેરમાં ગંદકી અને અંધારપટ્ટને લઈને શહેરીજનોને હંમેશા અસંતોષ રહ્યો છે. શહેરનાં ગજેરાપરાનાં રહેવાસીઓએ ગંદકીની સમસ્યાથી



નારાજ બનીને કલેકટર કચેરીએ પહોંચ્યા હતા અને ગંદકીની સમસ્યા દૂર કરવા માંગ કરી હતી.


રાજકોટ મહાનગરપાલિકા

(બગીચા શાખા)

ટેન્ડર નોટિસ (બીજો પ્રયત્ન)


રાજકોટ મહાનગરપાલિકાના બગીચા શાખા હસ્તકના વોર્ડ નં.૧૫ આજીડેમ ઓવરફ્લોની સામે આવેલ ગાર્ડનની જાળવણી નિભાવણી કરવાના કામનો દ્વિ-વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ આપવાના કામે તા. ૧૧-૦૭-૨૦૨૪ સુધીમાં આવેદિત કરવામાં આવે છે. વધુ વિગત માટે વેબસાઈટ www.rmc.nprocure.com તથા www.rmc.gov.in તથા જરૂર જણાયે ડાયરેકટર (પાર્કસ& ગાર્ડન) મધ્ય ઝોન કચેરીમાં સંપર્ક કરવો.

-sd-

ડે.કમિશ્નર(E/Z)

રાજકોટ મહાનગરપાલિકા

# 'યુવાસભામાં જવાથી જીવન બદલાશે, તમારૂ વર્તન વાતો કરશે' મહંતસ્વામી મહારાજે યુવાનોને પાઠવ્યા આશીર્વચન








## પ્રમુખસ્વામી સભાગૃહમાં તૃતિય દિવસે યોજવામાં આવ્યો સંયમદિન રૂપે યુવાદિન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુવર્ય પ.પૂ.મહંતસ્વામી મહારાજની મંગલ ઉપસ્થિતિમાં તા.૧૪ જૂનથી તા.૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિવિધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે ૨૦ જૂનના રોજ યુવાનો દ્વારા 'સાવધાની એ જ સલામતી' મધ્યવર્તી વિચાર સાથે સંયમ દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

'સંયમે અપિ શક્તિઃ અસ્તિ' એટલે કે સંયમમાં પણ શક્તિ રહેલી છે. આજે વાયુવેગે બદલતી ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના જમાનામાં આજનું યુવાધન બેટિંગ અને ડેટિંગ એપમાં ફસાયું છે. ડ્રગ્સનાં નશાને કારણે યુવાનોની દશા બગડી છે. પાન મસાલા, દારૂ, સિગારેટ જેવા વ્યસનોને કારણે સમાજમાં દુષણ ફેલાયુ છે. આજનો યુવાન ફેશનના ટેન્શનમાં ગુચવાયેલો છે. જે યુવાનો પર દેશ પ્રગતિની આશા લઈને બેઠો છે તે સતત નિરાશા ફેરવી રહ્યો છે ત્યારે બી.એ.પી.એસ. સંસ્થાના નવયુવાનો વ્યસનમુક્ત, નિયમધર્મયુક્ત અને સંયમપૂર્વક જીવન જીવી રહ્યા છે.

સંયમ દિનની શરૂઆત સંગીતજ્ઞ યુવાવૃંદ દ્વારા ધૂન પ્રાર્થનાં અને સ્તુતિ દ્વારા થઈ અને પારાયણ પૂજન બાદ 'એક નિશાન અક્ષરધામ' શીર્ષક હેઠળ સંસ્થાના સદગુરુવર્ય વિદ્વાનવક્તા પૂજ્ય વિવેકસગર સ્વામી દ્વારા પ્રેરણાત્મક પ્રવચનનો લાભ પ્રાપ્ત થયો. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી જેમાં રસપ્રદ અને પ્રેરણાત્મક સંવાદ પ્રસ્તુત કરવામાં આવ્યો. જેમાંથી ઉપસ્થિત સૌ કોઈએ 'ચારિત્ર્યવાન બનો, ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો' ની પ્રેરણા પ્રાપ્ત કરી. સભામાં ઉપસ્થિત વાલીઓએ પણ સંતાનોને ચારિત્ર્યવાન બનાવવા યુવાસભામાં મોકલવાની પ્રેરણા પ્રાપ્ત કરી. સભામાં હાજર સૌ યુવક યુવતીઓ પણ આજીવન માતા પિતાની સેવા કરવાના તથા સંસ્કારયુક્ત જીવન જીવવાના સંકલ્પ સાથે કટિબદ્ધ થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં ૨૦૭૩ જેટલા યુવક યુવતી કાર્યકર છે અને રાજકોટમાં પણ ૩૦૦ કાર્યકરો દ્વારા ૪૫ યુવક યુવતી મંડળો ચાલી રહ્યા છે. દર રવિવારે યોજાતી રવિસભામાં પણ ૮૦૦ થી વધુ યુવક યુવતીઓ યુવાસભાનો લાભ લે છે. રાજકોટ યુવા પ્રવૃત્તિમાં સિદ્ધાંતની સ્પષ્ટતા, ચારિત્ર્યના પાઠ શીખવતી યુવા શિબિરોનું પણ આયોજન કરવામાં આવે છે. યુવક યુવતીના જીવનમાં તાલીમ કેન્દ્ર, સંસ્કૃત અભ્યાસ દ્વારા સનાતન સંસ્કૃતિ પ્રત્યેની અસ્મિતા જાગૃત કરવામા આવે છે. આજના યુવાઓમાં સમજશક્તિ વધી છે પણ સહનશક્તિ નથી વધી; ત્યારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સદાચારી અને સંયમી યુવાપેઢીનું સર્જન કરી રહી છે અને આ યુવાપ્રવૃત્તિ યુવાનોમાં આત્મવિશ્વાસનો સંચાર કરે છે.

સંયમ દિનના અંતભાગમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે આજના યુવક યુવતીને મુંઝવતા પ્રશ્નોનું પ્રશ્નોતરી દ્વારા સમાધાન આપતા જણાવ્યું હતું કે, 'માતા-પિતા અને યુવાનો વચ્ચે જનરેશન ગેપ નહી પરંતુ સમજણનો ગેપ છે. દરેકે માતા-પિતાને સન્માન અને આદર આપવો, કેમકે એમના થકી જ આપણે છીએ.' સાથે યુવાનોમાં આહનિકની દ્રઢતા માટે જણાવ્યું કે, 'આહનિક ભગવાનની નજીક જવાનું ઉત્તમ સાધન છે.'

# વડોદરા ખાતે મંત્રી ભાનુબેન બાબરીયાએ સંકલ્પભૂમિ સ્મારકની કામગીરીની કરી સમીક્ષા




વડોદરા,તા.૨૧: સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ સરકીટ હાઉસ વડોદરા ખાતે સંકલ્પભૂમિ સ્મારકના પ્રગતિ હેઠળના કામોની ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકશ્રી રચિત રાજ, મેયર પીન્કીબેન સોની, ધારાસભ્ય ચૈતન્યભાઇ દેસાઇ, જિલ્લા કલેક્ટર બીજલ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી ભાનુબેન બાબરીયાએ વડોદરા ખાતે નવ નિર્માણ પામનાર ડો. બી.આર.આંબેડકર મેમોરીયલમાં સ્ટ્રક્ચરલ ડીઝાઇન સહિત પ્રગતિ હેઠળના હાથ ધરાયેલ તમામ કામો ગુણવત્તાયુક્ત અને સમયમર્યાદામા પૂર્ણ કરવાની તાકદી કરી હતી. ડો.બાબા સાહેબ આંબેડકરનુ જીવન ચરિત્ર લોકો જાણી શકે તે રીતનું તસવીરી પ્રદર્શન લોકો નિહાળી શકે તેવું આયોજન સંકલ્પ ભૂમિ સ્મારકમાં કરવામાં આવી રહ્યું છે. તેમણે સમયમર્યાદામાં પ્રગતિલક્ષી કામો પૂર્ણ થાય તે દિશાના પ્રયાસો હાથ ધરવા જરૂરી સુચનો સાથે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. બેઠક બાદ મંત્રી તથા અધિકારીઓએ સંકલ્પભૂમિ સ્મારકની મુલાકાત લીધી હતી. સંકલ્પભૂમિ સ્મારકના ચાલી રહેલા કામોનું નિરીક્ષણ કર્યુ હતું અને જરૂરી સુચનો તેમજ માર્ગદર્શન આપવમાં આવ્યું હતું. આ બેઠકમાં આર્કિટેક, માર્ગ અને મકાનના કાર્યપાલક ઈજનેર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા શનિવારે નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પ

## રજીસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી કરાવી શકાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

શહેરના જરૂરીયાતમંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલ (HCG)નાં સંયુકત ઉપક્રમે છેલ્લા એકદસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લેનાર રોગ કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે ''કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'' હાથ ધરાયો છે. પુજીત રૂપાણી ટ્રસ્ટના ઉપક્રમે આ નિદાનની સેવાનો રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર તથા કચ્છના પેશન્ટ પણ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી લાભ લઈ શકશે. પરિણામે તેમનો અમદાવાદ જવા આવવાનો ખર્ચ તથા સમય બચી જશે.

જે અંતર્ગત તા.૨૨/૬ શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.દુષ્યંત માંડલીક પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મહાનગરપાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ (ફોનનં.૨૭૦૪૫૪૫) ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેનો સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના સુપ્રતિષ્ઠિત તબીબ ડો.દુષ્યંત માંડલીક સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે આરોગ્યક્ષેત્રે જરૂરિયાતમંદ પ્રજાજનોની સેવાઓ માટે પુજીત રૂપાણી ટ્રસ્ટના મુખ્ય બિલ્ડીંગમાં OPD સેન્ટર પણ કાર્યરત છે. જેમાં માત્ર દસ રૂપિયામાં નિદાન તથા સારવારનો લાભ મેળવી શકાય છે તથા શહેરના નિષ્ણાંત તબીબોની સેવાઓ પણ મેળવી શકાય છે. દર બુધવારે સવારે ૯ થી ૧૨ વિનામૂલ્યે નિદાન તથા સારવાર મેળવી શકાય છે. આ ઉપરાંત ટ્રસ્ટમાં રાહતદરે લેબોરેટરી, એકસ-રે તથા ફિઝીયોથેરાપીની સુવિધાઓ ઉપલબ્ધ છે. ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાંચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ રૂપાણી, અંજલિબેન રૂપાણી, રંજનબેન રૂપાણી, મહેશભાઈ ભટ, મેહલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી તથા અમીનેશભાઈ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે ટ્રસ્ટની મેડીકલ કમિટીના મેમ્બર્સ અંજલિબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ પટેલ તથા બિપીનભાઈ વસા કાર્યરત છે. વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫/૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

# રાજકોટ જિલ્લા પંચાયતમાં ૮ જુલાઈએ કારોબારી બેઠક

## પ્રશ્નોત્તરી સાથેની સામાન્ય સભા થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

જિલ્લા પંચાયતમાં લોકસભાની ચૂંટણીની આચાર સંહિતા પૂર્ણ થતા વિવિધ સમિતિઓની બેઠકોનો દૂર શરૂ થયો છે. સિંચાઈ સમિતિની બેઠક મળી હતી.બધી સમિતિઓની બેઠક બાદ કારોબારી અને સામાન્ય સભા મળશે. કારોબારી બેઠક તારીખ ૮ જુલાઈએ મળશે ટૂંક સમયમાં વિધિવત એજન્ડા પ્રસિદ્ધ થઈ જશે કારોબારીનો એજન્ડા પ્રસિદ્ધ થયા બાદ તુંરત સામાન્ય સભાની તારીખ જાહેર થશે શાસકો સામાન્ય સભા તારીખ ૧૦ થી ૧૫ જુલાઈ વચ્ચે યોજવા ઇચ્છે છે. પ્રશ્નોત્તરી સાથેની સામાન્ય સભા થશે. લોકસભાની ચૂંટણી પછી પ્રથમ વખત કારોબારી બેઠક અને સામાન્ય સભા મળી રહી છે ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખ દ્વારા પૂર્વ તૈયારી શરૂ થઈ ચૂકી છે.

# સાવરકુંડલાના રબારીકા ગામે લોકદરબાર યોજતા ધારાસભ્ય કસવાલા

સાવરકુંડલા,તા.૨૧



સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના રબારીકા(તા.જેસર) ગામે છેલ્લા ઘણા સમયથી ગામની આવશ્યક સુવિધાઓ અંગે ગત લોકસભા ચુંટણીના મતદાનના દિવસે ગામ લોકો દ્વારા સક્ષમ અધીકારી તથા મિડીયા સમક્ષ આક્રોષ વ્યકત કરેલ જે બાબતે માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા રબારીકા ગામના પ્રશ્ન અંગે ધારાસભ્ય મહેશભાઇ કસવાલા સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ જેના અનુસંધાને જાગૃત ધારાસભ્ય દ્વારા આચાર સંહિતા પૂર્ણ થતા તરત જ રબારીકા ગામના પ્રશ્નો અંગે લોકદરબારનું આયોજન કરવામાં આવેલ આ લોકદરબારમાં પ્રાંત અધીકારી મહુવા, મામલતદાર/ તાલુકા વિકાસ અધીકારી જેસર તથા સબંધીત વિભાગના અધીકારીઓને હાજર રાખી તા.૧૯-૬ ના રોજ લોકદરબાર યોજવામાં આવેલ આ લોકદરબારમાં ગામ લોકો તથા સરપંચ હર્ષરાજભાઇ શિવરાજભાઇ વિંછીયા દ્વારા ગામના ખરાબ રોડ રસ્તા, પીવાના પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને સબંધીત વિભાગોને તાત્કાલીક રબારીકા ગામના પ્રશ્નો હકારાત્મક નિકાલ કરવા ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ તેમ સત્વ ''અટલધારા'' કાર્યાલયના ઇન્ચાર્જ જે.પી.હિરપરાની યાદીમાં જણાવાયું હતું.

# બોટાદ જિલ્લાના સરવા ગામ ખાતે 'રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સાર્વજનિક પુસ્તકાલય'ની સ્થાપના થઈ

બોટાદ,તા.૨૧





બોટાદ જિલ્લાના સરવા ગામ સ્થિત ગ્રામ પંચાયતની કચેરી ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપના થઈ. ઝવેરચંદ મેઘાણીની કર્મ-નિર્વાણભૂમિ બોટાદ જિલ્લો હોવાથી આનું સવિશેષ મહત્ત્વ છે.

નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી તથા સરવા ગામના મૂળ વતની ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડની પ્રેરણા-પરિકલ્પનાથી બોટાદ જિલ્લામાં આ સહુપ્રથમ વિશિષ્ટ પુસ્તકાલયની સ્થાપના થઈ છે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માન્યતા-પ્રાપ્ત, અનુદાનિત તથા સરવા ગ્રામ પંચાયત દ્વારા સંચાલિત છે. વીટુ ટેક વેન્ચર્સ પ્રા. લિ. - વિજયભાઈ શાહ, જયવંતભાઈ દેસાઈ (વાશી, નવી મુંબઈ)ના સી.એસ.આર. ફંડનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

બોટાદ જિલ્લાના યુવા, સંનિષ્ઠ, સંસ્કૃતિ-સાહિત્ય-પ્રેમી જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુડાનીયા (આઈએએસ), પિનાકી મેઘાણી, અભેસિંહ રાઠોડ, મદદનીશ ગ્રંથાલય નિયામક (રાજકોટ-ભાવનગર વિભાગ) લલિતભાઈ મોઢ, જિલ્લા પંચાયતના સભ્ય દયાબેન અણિયાળીયા, તાલુકા વિકાસ અધિકારી જયરાજસિંહ ગોહિલ, સરપંચ જેરામભાઈ નાકિયા, તલાટી-મંત્રી શાંતિભાઈ ડેરવાળીયા, સભ્યો હેમુભાઈ મેર અને મુકેશભાઈ અણિયાળીયા, અગ્રણી નરસિંહભાઈ અણિયાળીયા, શિક્ષણ જગતમાંથી શિક્ષણવિદ અરવિંદભાઈ ધરજીયા (ગીતાંજલિ ગ્રુપ), કીર્તિબેન પટેલ, મનુભાઈ ચાવડા, વિનુભાઈ પરમાર, હસમુખભાઈ શિલુ, વિક્રમસિંહ ચાવડા, કિરીટસિંહ ચૌહાણ, સુરેશભાઈ સાધુ, હિતેશભાઈ રામાણી, મનસુખભાઈ ઓજાણી, રવિભાઈ વાઘેલા, શિતલબેન પટેલ અને ધર્મિષ્ઠાબેન ખંભાળીયા, મિહિરસિંહ રાઠોડ, ઉમેદસિંહ ગોહિલ, રમેશભાઈ અને દર્શન બદ્રેશિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ગુજરાતી ભાષા-સાહિત્યના કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, ચિંતન, લોકસાહિત્ય જેવાં વિવિધસભર વિષયોનાં ૧૫૦૦ જેટલાં પ્રેરણાદાયી પુસ્તકોનું સુયોગ્ય ચયન કરીને અહીં મૂકાયાં છે. મેઘાણી-સાહિત્ય કોર્નર, ગુજરાતી ભાષા-સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોની ઉત્તમ કૃતિઓ તેમજ નવયુવાનો માટે સ્પર્ધાત્મક પુસ્તકોની વિશાળ શ્રેણી આ પુસ્તકાલયની વિશેષતા છે. સ્પર્ધાત્મક પુસ્તકો વેબ સંકુલ (ગાંધીનગર) - વિકાસ પટેલ, અભિજિત ગઢવી, ગિરવાન રાઠોડ તથા શિક્ષક વિનુભાઈ પરમાર દ્વારા ભેટરૂપે પ્રાપ્ત થયા છે.

**આલેખન : પિનાકી નાનકભાઈ મેઘાણી ૯૮૨૫૦૨૧૨૭૯ )**

# સી.એન.જી. ફ્યુઅલ આધારિત સિટી બસનું લોકાર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧



મહાનગરપાલિકાની સંપૂર્ણ હસ્તાંતરિત એસ.પી.વી. 'રાજકોટ રાજપથ લિ.' દ્વારા સંચાલિત 'રાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ'થી શહેરના નાગરિકોને જાહેર પરિવહનની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે. 'રાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ' દ્વારા શહેરમાં બી.આર.ટી.એસ. તથા સિટી બસ સેવા ચલાવવામાં આવે છે જેમાં હાલ ૫૨(બાવન) ડીઝલ ફ્યુઅલ સંચાલિત તેમજ ૬૫ ઈલેક્ટ્રિક બસ (૨૦ બી.આર.ટી.એસ. રૂટ પર તથા શહેરમાં ૪૫) ચલાવવામાં આવે છે. જે અંતર્ગત એજન્સી દ્વારા પ્રથમ તબક્કામાં શહેરમાં હાલમાં કાર્યરત ૫૨(બાવન) ડીઝલ ફ્યુઅલ સંચાલિત બસના સ્થાને નવી ૫૨(બાવન) સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ શરૂ કરવામાં આવનાર છે. આ નવી ૫૨(બાવન) સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ પૈકી ટોકન સ્વરૂપે ૧૦(દસ) બસનું લોકાર્પણ તા.૨૦ મી જુનના રોજ મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતેથી સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું અને શહેરમાં ૫૨(બાવન) ડીઝલ ફ્યુઅલ સંચાલિત બસના સ્થાને નવી ૫૨(બાવન) સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસ શરૂ થશે. આ લોકાર્પણ (ફલેગ ઑફ) કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહેલ હતા.

આ નવી ૫૨(બાવન) સી.એન.જી. ફ્યુઅલ સંચાલિત બસના લોકાર્પણ (ફલેગ ઑફ) કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, સાંસદ રામભાઈ મોકરિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડિયા, શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, ભાજપ અગ્રણી દિનેશભાઈ ચોવટીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, લાઈટીંગ સમિતિ ચેરમેન કાળુભાઇ કુંગસિયા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, ટાઉન પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતન સુરેજા, બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, કોર્પોરેટર નરેન્દ્રભાઈ ડવ, હાર્દિકભાઈ ગોહિલ, વિનુભાઇ ઘવા, પુષ્કરભાઈ પટેલ, જીતુભાઈ કાટોડીયા, વિનુભાઈ સોરઠીયા, બિપીનભાઈ બેરા, ડો.પ્રદિપ ડવ, કંકુબેન ઉઘરેજા, વર્ષાબેન પાંધી, જયાબેન ડાંગર, અલ્પાબેન દવે, કીર્તિબા રાણા, કુસુમબેન ટેકવાણી, દક્ષાબેન વાઘેલા, ભાજપ અગ્રણી પરેશભાઈ ઠાકર તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

# ૨૮ જાન્યુઆરીએ રાજકોટમાં ભારત-ઈંગ્લેન્ડ ટી-૨૦ મેચ

## અમદાવાદને વન-ડે મળ્યોઃ ભારતીય ક્રિકેટ ટીમનો ઘરઆંગણાનો કાર્યક્રમ જાહેર

નવી દિલ્હી,તા.૨૧

ભારતીય ટીમનાં આ સિઝનમાં ઘર આંગણેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે જેમાં આગામી વર્ષનાં પ્રારંભે ઈંગ્લેન્ડ સામે રાજકોટને તા.૨૮ જાન્યુઆરીએ એક ટી-૨૦ તથા અમદાવાદને એક વન-ડે મેચની યજમાની સોંપવામાં આવી છે.

આ ઉપરાંત બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વિરૂદ્ધના ટેસ્ટ સીરીઝના કાર્યક્રમની ગુરૂવારે જાહેરાત કરવામાં આવી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પીયનશીપ કેલેન્ડર અંતર્ગત ભારત બાંગ્લાદેશ સામે બે જયારે ન્યુઝીલેન્ડ સામે ત્રણ ટેસ્ટ રમશે.



ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)એ ૧૯ સપ્ટેમ્બરથી ૧૨ ફેબ્રુઆરી સુધી ભારતીય ટીમનાં કાર્યક્રમની જાહેરાત કરી હતી. બાંગ્લાદેશ સામે ટેસ્ટ મેચની યજમાની ચેન્નાઈ અને કાનપુરને સોંપવામાં આવી છે. જયારે કીવી ટીમ સામે ભારત બેંગ્લોર, પુણે અને મુંબઈમાં ત્રણ ટેસ્ટ રમશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે **(BCCI)** ટીમ ઈન્ડિયાના પાંચ મહિનાના ક્રિકેટ શેડ્યુલની જાહેરાત કરી છે. આ મુજબ ભારતીય ટીમ આગામી પાંચ મહિનામાં ત્રણ દેશો સામે મેચ રમશે. આ ઉપરાંત વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પણ ક્રિકેટની ધૂમ મચશે.

બીસીસીઆઈના શેડ્યૂલ મુજબ ભારત આગામી પાંચ મહિનામાં બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ, ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે મેચ રમશે. ટીમ ઈન્ડિયા પાંચ મહિનામાં પાંચ ટેસ્ટ મેચ, આઠ ઝ૨૦ મેચ અને ત્રણ એકદિવસીય મેચ રમશે.

ભારત બાંગ્લાદેશ સામે ૧૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓક્ટોબર વચ્ચે બે ટેસ્ટ મેચ અને ત્રણ ટી૨૦ રમી ધૂમ મચાવશે. પછી ન્યુઝીલેન્ડ સામે ૧૬ ઓક્ટોબરથી પાંચ નવેમ્બર વચ્ચે ત્રણ ટેસ્ટ મેચ રમશે. ત્યારબાદ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૨૨ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી વચ્ચે પાંચ ટી૨૦ અને ત્રણ વન-ડે મેચ રમશે.

૧૯ સપ્ટેમ્બર-૨૦૨૪થી ૧૨ ફેબ્રુઆરી-૨૦૨૫ સુધી ચાલનારા 'ક્રિકેટોત્સવ' દરમિયાન અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને રાજકોટ માં પણ મેચ રમાશે. બીસીસીઆઈના શેડ્યુલ મુજબ ચેન્નાઈ, કાનપુર, બેંગલુરુ, પુણે, મુંબઈના સ્ટેડિયમમાં ટેસ્ટ મેચની મજા માણવા મળશે.

| બાંગ્લાદેશનો ભારત પ્રવાસ (૨૦૨૪) |
|---|
| ૧૯થી ૨૪ સપ્ટેમ્બર : પહેલી ટેસ્ટ, ચેન્નાઈ |
| ૨૭ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર : બીજી ટેસ્ટ, કાનપુર |
| ૦૬ ઓક્ટોબર : પહેલી T20, ધર્મશાલા |
| ૦૯ ઓક્ટોબર : બીજી T20, દિલ્હી |
| ૧૨ ઓક્ટોબર : ત્રીજી T20, હૈદરાબાદ |
| ભારતનો ન્યુઝીલેન્ડ પ્રવાસ (૨૦૨૪) |
| ૧૬થી ૨૦ ઓક્ટોબર : પહેલી ટેસ્ટ, બેંગલુરુ |
| ૨૪થી ૨૮ ઓક્ટોબર : બીજી ટેસ્ટ, પુણે |
| ૦૧થી ૦૫ નવેમ્બર : ત્રીજી ટેસ્ટ, મુંબઈ |
| **ભારતનો ઈંગ્લેન્ડ પ્રવાસ શેડ્યૂલ (૨૦૨૫)** |
| ૨૨ જાન્યુઆરી - પ્રથમ T20, ચેન્નાઈ |
| ૨૫ જાન્યુઆરી - બીજી T20, કોલકાતા |
| ૨૮ જાન્યુઆરી - ત્રીજી T20, રાજકોટ |
| ૩૧ જાન્યુઆરી - ચોથી T20, પુણે |
| ૦૨ ફેબ્રુઆરી - પાંચમી T20, મુંબઈ |
| ૦૬ ફેબ્રુઆરી - પ્રથમ વન-ડે, નાગપુર |
| ૦૯ ફેબ્રુઆરી - બીજી વન-ડે, કટક |
| ૧૨ ફેબ્રુઆરી - ત્રીજી વન-ડે, અમદાવાદ |

# ગુજરાતમાં બીએસએનએલ દ્વારા ૨૯ મિલકતની હરાજી કરી રેવન્યુ આવક જનરેટ કરવાનું આયોજન

## ગત વર્ષે BSNLએ લેન્ડ ઓક્શન અને ભાડાની આવકની મદદથી ૮૦૦ કરોડ કરતાં વધુ આવક મેળવી હતી

રાજકોટ.તા.૨૧

ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા ગત વર્ષે દેશભરમાં વિવિધ મિલકતો વેચી અને ભાડાની આવક થકી રૂ.૮૦૦ કરોડથી વધુની આવક મેળવ્યા બાદ આ વર્ષે પણ આ સિલસિલો ચાલુ રાખી બિનઉપયોગી મિલકતોનું વેચાણ કરી આવક રળવાની કવાયત હાથ ધરી છે અને તેના ભાગરૂપે હાલમાં રાજકોટમાં ૧ સહિત દેશભરમાં કુલ ૨૭ મિલકતની ઓક્શન પ્રક્રિયા હાથ ધરી રૂ.૫૦૦ કરોડથી વધુની રેવન્યુ જનરેટ કરવા તજવીજ આદરી છે.

દિલ્હીથી રાજકોટ આવેલા બીએસએનએલ કોર્પોરેટ ઓફિસ સિવિલ વિંગના અધિકારી પી.દયાલે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં જૂના માર્કેટ યાર્ડ અને આરટીઓ પાછળના વિસ્તારમાં બીએસએનએલની ૧૨૬૬૩





ચો.મી. જગ્યા લાંબા સમયથી બિનઉપયોગી પડી છે અને હવે ટેક્નોલોજી ચેન્જ થવાથી જમીનની સ્પેસની જરૂરિયાત બીએસએનએલને ઘટી છે ત્યારે આ જગ્યા રૂ.૨૨.૯૯ કરોડમાં ઓક્શન કરવા માટે બજારમાં મૂકી છે. આ માટે જાહેરાત આપી દેવામાં આવી છે. રાજકોટ ઉપરાંત દેશમાં અન્ય ૨૬ જેટલી મિલકત વેચવા માટે જાહેરાત આપવામાં આવી છે અને આ ૨૭ મિલકતની હરાજીમાંથી રૂ.૫૦૦ કરોડ કરતાં વધુ રેવન્યુ આવક થવાનો અંદાજ છે. મિલકતની હરાજી થકી થનારી આવકનો ઉપયોગ નેટવર્ક અપગ્રેડેશનમાં કરાશે.

રાજકોટમાં અન્ય પાંચ મિલકત પણ બિનઉપયોગી હોય તેની હરાજી આગામી દિવસોમાં કરાશે. રાજકોટમાં ૫, સૌરાષ્ટ્રમાં ૧૩ સહિત ગુજરાતમાં કુલ ૨૮ જેટલી જગ્યા બિનઉપયોગી હોવાનું આઈડેન્ટિફાઇ થયા બાદ તેની હરાજી માટેની કવાયત હાથ ધરી છે.

ગુજરાતમાં બીએસએનએલ દ્વારા કુલ ૨૯ મિલકતની હરાજી કરી તેમાંથી રેવન્યુ આવક જનરેટ કરવાનું આયોજન કર્યું છે અને તેના ભાગરૂપે ૧ મિલકતની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરી લેવામાં આવી છે. આ ૨૯ મિલકત પૈકીની ૧૨ મિલકતની હરાજીમાંથી બીએસએનએલને ઓછામાં ઓછા રૂ.૨૦૫ કરોડની રેવન્યુ આવક જનરેટ થવાનો અંદાજ છે. આથી તેમની ટેન્ડર પ્રક્રિયા હવે ટૂંક સમયમાં હાથ ધરાશે. જ્યારે બાકીની ૧૭ મિલકતના વેલ્યુએશનની કામગીરી હજુ બાકી હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.અન્ય ૪ મિલકતને વેચાણ માટે બીએસએનએલ દ્વારા ડોક્યુમેન્ટ તૈયાર કરવા, જગ્યાની વેલ્યુએશન નક્કી કરવા વેલ્યુઅરનો રિપોર્ટ કરાવવો, ખૂટતા ડોક્યુમેન્ટ લીગલ એક્સપર્ટની મદદથી તૈયાર કરવા સહિતની તજવીજ હાથ ધરાઇ છે.

જૂના માર્કેટ યાર્ડ અને આરટીઓ કચેરી પાછળની જગ્યાની હરાજીમાં ભાગ લેવા અત્યાર સુધીમાં કુલ ૭ બિલ્ડરએ રસ લીધો છે અને ટેન્ડર ભર્યા છે. હજુ પણ કોઇ પાર્ટી રસ ધરાવતી હશે તો તેઓ આગામી તા.૧ જુલાઇ સુધી ઓનલાઇન ટેન્ડર ભરી શકશે તેમ બીએસએનએલ રાજકોટના ડેપ્યુટી જનરલ મેનેજર અરવિંદ પરમારે જણાવ્યું હતું.

# લોકપાલની નિમણૂક નહીં કરાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ડિફોલ્ટર જાહેર

રાજકોટ.તા.૨૧

વિદ્યાર્થી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને સંલગ્ન સમસ્યાનું નિરાકરણ આવે તે માટે યુજીસીએ દેશની તમામ યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂક કરવા માટે આદેશ કર્યા હતા. આ આદેશને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશો ઘોળીને પી ગયા છે. બે-બે વખત મુદત આપી હોવા છતાં લોકપાલની નિમણૂક નહિ કરાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને યુજીસીએ ડિફોલ્ટર જાહેર કરી છે. જેને કારણે જે વિદ્યાર્થીઓ હાલમાં અભ્યાસ કરે છે તેના પર અને જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને નીકળી ગયા છે તે તમામ પર અસર આવશે.

જાન્યુઆરી માસમાં યુજીસીએ લોકપાલની નિમણૂક નહિ કરનાર દેશની ૨૫૬ યુનિવર્સિટીને ડિફોલ્ટ જાહેર કરી હતી. જેમાં રાજ્યની ૧૯



**અત્યાર સુધી દેશની ૨૫૬ અને ગુજરાતની ૧૯ યુનિવર્સિટી ડિફોલ્ટર જાહેર થઇ છે યુજીસીએ બે વખત મુદત આપી હતી છતાં સત્તાધીશોએ ગંભીરતા ન દાખવી**

યુનિવર્સિટી હતી. ત્યારબાદ પછીના તબક્કામાં જાહેર કરેલી ડિફોલ્ટરની યાદીમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો સમાવેશ થયો છે.

લોકપાલની પોસ્ટમાં કોઈ પણ નિવૃત્ત વાઈસ ચાન્સેલર,૧૦ વર્ષનો અનુભવ ધરાવતા નિવૃત્ત પ્રોફેસર અથવા તો ભૂતપૂર્વ જિલ્લા ન્યાયાધીશની નિમણૂક કરવાની હોય છે. વિદ્યાર્થીઓના પ્રશ્ન સ્થાનિક કક્ષાએ ઝડપથી નિરાકરણ આવે તે માટે લોકપાલની નિમણૂક કરાતી હોય છે. આ સિવાય જો કોઈ વિદ્યાર્થીઓ ફરિયાદ નિવારણ સમિતિ પાસેથી રાહત મેળવવામાં નિષ્ફળ જાય તો ન્યાય માટે લોકપાલનો સંપર્ક કરી શકે છે. જ્યારે કોઇ યુનિ. ડિફોલ્ટરની યાદીમાં આવે તો યુજીસી રેગ્યુલેશન મુજબ શિક્ષાત્મક પગલાં પણ લેવામાં આવી શકે છે.

આ ઉપરાંત એક્ટ ૧૨-બી હેઠળ યુનિવર્સિટીને મળતી કેન્દ્ર સરકારની તેમજ યુજીસી દ્વારા મળતી ગ્રાન્ટ અટકાવી શકાય છે. યુનિવર્સિટીમાં ચાલતા કોર્સ અથવા તો ઓનલાઈન કે ડિસ્ટન્સ મોડમાં ચાલતા કોર્સની મંજૂરી રદ થઇ શકે છે.

# નડાબેટમાં મુખ્યમંત્રીની હાજરીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી



ગાંધીનગરઃ ગુજરાતમાં રાજ્યાકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, બીએસએફના જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આજના યુગમાં તણાવમુક્ત અને સરળ જીવનશૈલી માટે યોગ ઉત્તમ કહેવાય છે. યોગ પ્રાચીન ભારતના ઋષિમુનિઓએ આપેલી અમૂલ્ય ભેટ છે. આશરે પાંચ હજાર વર્ષ પહેલાં પતાંજલિ ઋષિએ યોગશાસ્ત્રનું સર્જન કર્યું હતું. ત્યારથી યોગની પરંપરા ચાલી આવે છે. યોગ દિવસની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠાની સરહદી ચેકપોસ્ટ નડાબેટમાં પહોંચ્યા હતા. ત્યારે તેઓ ગુરૂવારે જ સાંજે બનાસકાંઠા જિલ્લાના થરાદ પહોંચી ગયા હતા. અહીંના વડગામડા ગામ ખાતે નાગરિકો સાથે લોકસંવાદ કરી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. લોકોએ અહીં જમીન રિ સરવે, પાણી, રસ્તા, શિક્ષણ અને સિંચાઈ જેવા મુદ્દા રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીએ તેનું નિરાકરણ લાવવા વાયદો આપ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સિંધુ ભવન રોડ પર આવેલા ગોટિલા ગાર્ડનમાં યોજાનારા યોગ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. અહીં મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા. સુરતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે શહેરની અલગ-અલગ ૬૨ જગ્યાએ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સુરતવાસીઓ જોડાયા હતા. શહેરના કોમ્યુનિટી હોલ, મલ્ટિપર્પઝ હોલ, ગાર્ડન જેવી અનેક જગ્યાઓ પર યોગ દિવસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં વડીલો, બાળકો અને યુવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉત્સાહભેર ભાગ લઈ યોગ કરી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજી રહ્યા છે.

## રાજકોટ અગ્નિકાંડમાં ૧૦૦ પાનાનો રીપોર્ટ સોપાયો : ૪ આઈ.એ.એસ અને આઈ.પી.એસ અધિકારીની પુછપરછ કરાઈ : ઉચ્ચ અધિકારીઓનો રોલ અને તેનો અભ્યાસ ચાલુ છે : એફ.એસ.એલના આધારે પુરાવા તૈયાર કર્યા છે : એસ.આઈ.ટી ના વડા સુભાષ ત્રિવેદીએ સોપ્યો રીપોર્ટ : સીટની તપાસ હજુ ચાલુ રહેશે : સુભાષ ત્રિવેદી

## ૫ જુલાઈએ માર્કેટ યાર્ડના હોદ્દેદારોની ચૂંટણી

# વર્તમાન ચેરમેન જયેશ બોઘરા રિપીટ??

## ભાજપ હોદ્દેદારોની નિમણૂંકમાં રિપીટ થિયરી અપનાવશે કે નો રિપીટ થિયરી સાથે નવી નિમણૂંક?









રાજકોટ.તા.૨૧

રાજકોટ માર્કેટ યાર્ડના નવા હોદ્દેદારોની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી ૫ જુલાઇએ માર્કેટિંગ યાર્ડના ચેરમેન, વાઇસ ચેરમેન પદ માટેની ચૂંટણી થશે. કારણ કે માર્કેટ યાર્ડના વર્તમાન હોદ્દેદારોની અઢી વર્ષની ટર્મ ગત મહિનામાં જ પૂર્ણ થઇ જવા પામી છે, પરંતુ લોકસભા ચૂંટણીની આચારસંહિતાને કારણે આ પ્રક્રિયા અટકી હતી. જો કે, હવે હોદ્દેદારોને સુકાન સોંપવામાં ભાજપના બે પૂર્વ મંત્રીઓના જૂથ આમને સામને છે તેવામાં ભાજપ હોદ્દેદારોની નિમણૂંકમાં રિપીટ થિયરી અપનાવશે કે નો રિપીટ થિયરી સાથે નવી નિમણૂંક કરશે તે જોવું મહત્વનું રહેશે.

રાજકોટ લોકસભાની ચૂંટણીની આચારસંહિતા ઉઠતાની સાથે જ ચૂંટણી અધિકારી તરીકે જામનગરના જિલ્લા રજિસ્ટ્રારની નિયુક્તિ કરવામાં આવી હતી. તેમના દ્વારા એજન્ડા જાહેર કરવામાં આવ્યો છે જે મુજબ આગામી ૫ જુલાઇએ બોર્ડ મિટિંગ બોલાવવામાં આવી છે તેમાં બાકીની અઢી વર્ષની ટર્મ માટે ચેરમેન અને વાઈસ ચેરમેન પદ માટે હોદ્દેદારોની ચૂંટણી કરવામાં આવશે. માર્કેટ યાર્ડમાં ૧૬ ચૂંટાયેલા ઉપરાંત એક ખેતીવાડી અધિકારી, એક જિલ્લા રજિસ્ટ્રાર તથા એક બેડી ગ્રામ પંચાયતના પ્રતિનિધિ મળીને કુલ ૧૯ ડાયરેક્ટરો છે. ત્યારે યાર્ડના નવા હોદ્દેદારો માટે ચૂંટણી જાહેર થતાં જ સહકારી ક્ષેત્રમાં ઉત્તેજના જોવા મળી રહી છે.

સહકારી ક્ષેત્રમાં ચાલી રહેલા રાજકારણ પર નજર કરીએ તો સહકારી નેતા અને પૂર્વ મંત્રી જયેશ રાદડિયા સામે યાર્ડના પૂર્વ ચેરમેન હરદેવસિંહ જાડેજા અને નીતિન ઢાંકેચા જૂથ કે જેઓ પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી જૂથના છે. ત્યારે યાર્ડના હોદ્દેદારોની નિમણૂંક માટે ભાજપના જ બે પૂર્વ મંત્રીના જૂથ વચ્ચે જંગ જામી છે, જેમાં જયેશ રાદડિયા વર્તમાન ચેરમેન જયેશ બોઘરાના સમર્થનમાં છે. જ્યારે અરવિંદ રૈયાણી જૂથ પરષોત્તમ સાવલિયાના સમર્થનમાં છે. જો કે, બીજી તરફ ચેરમેન રેસમાં રહેલા બન્ને ડિરેકટરો ભાજપ પક્ષ જે નિર્ણય કરશે એ માન્ય રહેશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં રાજકોટના સહકારી ક્ષેત્રની વાત કરવામાં આવે તો અગાઉ રાજકોટ જિલ્લા બેંક, રાજકોટ લોધિકા સંઘ જેવી સહકારી સંસ્થાઓમાં ચેરમેન રિપીટ થયા હતા. ત્યારે હવે યાર્ડમાં પણ રિપીટ થશે કે બદલાવાશે તે વિશે ઉત્તેજના સહકારી ક્ષેત્રમાં જોવા મળી રહી છે. એવું ચર્ચાઇ રહયું છે કે, જયેશ બોઘરાની યાર્ડમાં કરેલી કામગીરીને ધ્યાનમાં લઇને રિપીટ કરાશે.